RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 15, Issue : 306, Dt.17-3-2025 Monday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# તીવ્ર ગરમીમાં વિજળીની કારમી અછત થવાના એંધાણ

## ગ્રિડ ઓપરેટર્સે આપી ચેતવણીઃ મે-જુનમાં ભયાનક સંકટઃ એપ્રિલમાં સર્જાતી માંગ માર્ચના પ્રારંભથી જ શરૂ થઈ ગઈઃ ભારે ગરમીથી દેશમાં વિજમાંગ વધી : પાવર કટનો ભય

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

દેશભરમાં તાપમાન મીટર વધવા લાગ્યું છે અને ફેબ્રુઆરી-માર્ચમાં જ ગરમી રેકોર્ડ તોડી રહી છે. આવી સ્થિતિમાં, જો તમે પણ પંખા, કુલર અને એસીની મદદ લઈ રહ્યા છો, તો તમે મોટી મુશ્કેલીમાં મુકાઈ શકો છો. હા, આગામી દિવસોમાં દેશભરમાં ગરમી ચરમસીમાએ રહેશે. જોકે, આની સાથે, બીજી એક મોટી સમસ્યા પણ આવી શકે છે, તે છે પાવર કટ. ભારતના ટોચના ગ્રીડ ઓપરેટરે ઉનાળાની ઋતુ દરમિયાન દેશભરમાં વીજળી કાપ અંગે મોટી ચેતવણી જારી કરી છે. આ મુજબ, મે અને જૂનમાં ભારે માંગને કારણે વીજળીની તીવ્ર અછત સર્જાઈ શકે છે અને આ સમય દરમિયાન વીજળી કાપનું જોખમ સૌથી વધુ રહેશે.

નેશનલ લોડ ડિસ્પેચ સેન્ટર એ તાજેતરમાં વીજ પુરવઠો અને તેના વપરાશ અંગે એક અહેવાલ બહાર પાડ્યો છે. આ મુજબ, મે-જૂનમાં દેશમાં વીજળીની માંગ ૧૫ થી ૨૦ ગીગાવોટ સુધી પહોંચી શકે છે. ગઉકઈ ના મતે, મે મહિનામાં આ માંગ સૌથી વધુ રહેશે અને આ માંગને પૂરી કરવી અત્યંત મુશ્કેલ બનશે.

એક અંદાજ મુજબ, મે મહિનામાં સરેરાશ પુરવઠો પ્રાપ્ત ન થાય તેવી શકયતા લગભગ એક તળતીયાંશ છે. જૂન મહિનામાં સંપૂર્ણપણે વીજળી સપ્લાય ન થઈ શકે તેવી ૨૦ ટકા શકયતા છે. મે અને જુલાઈમાં માંગ ઘણીવાર પૂરી થતી નથી, માંગ અને પુરવઠા વચ્ચે ૧૫ GW થી વધુનું અંતર હોય છે. મે, જૂન, જુલાઈ અને ઓગસ્ટ ૨૦૨૫ માં બિન-સૌર કલાકો દરમિયાન અછત થવાની શકયતા વધુ હોય છે. અહેવાલમાં જણાવાયું છે.

NDLC મુજબ, આ ઉનાળામાં ટોચની માંગ ૨૭૦ GW રહેવાની ધારણા છે. જ્યારે ગયા વર્ષે વીજળીની માંગ ૨૫૦ GW હતી. ગકઉઈ રિપોર્ટ કહે છે કે દેશમાં શકય તેટલી વહેલી તકે નવીનીકરણીય ઉર્જાસ્રોતો સ્થાપિત કરવાની જરૂર છે. ત્યાં જ લોડ શિફ્ટિંગ વ્યૂહરચના જેવા માંગ-બાજુના કેટલાક પગલાં મદદ કરી શકે છે.



NDLCએ કોલસા આધારિત પ્લાન્ટની ક્ષમતા વધારવા માટે વીજળી અધિનિયમ ૨૦૦૩ હેઠળ કટોકટી વીજળી લાગુ કરવાનું પણ સૂચન કર્યું છે. એ નોંધનીય છે કે ભારતની બેઝલોડ પાવર ક્ષમતા કોલસા આધારિત પ્લાન્ટ્સ દ્વારા પ્રભુત્વ ધરાવે છે. છેલ્લા કેટલાક વર્ષોથી આ પ્લાન્ટ્સની ક્ષમતા સ્થિર રહી છે, જેના કારણે તેઓ વધતી માંગને પહોંચી વળવા અસમર્થ રહ્યા છે. પરિણામે, ગ્રીડ કંટ્રોલર ઓફ ઈન્ડિયા લિમિટેડ હેઠળના NDLC ને આ વર્ષે મે અને જૂનમાં વીજળીની તીવ્ર અછતની અપેક્ષા છે.

હોળી-ધુળેટીના તહેવાર પુર્વે જ જે રીતે તાપમાન અસાધારણ રીતે ઉંચુ ગયું તે હવામાનશાસ્ત્રીઓ માટે પણ ચિંતા છે. જુની વાયકા મુજબ હોળી એ ટાઢ તાપીને જાય છે અને પછી તબકકાવાર તાપમાન વધે છે પણ હોળી ધુળેટી પુર્વે જ તાપમાને ૪૦ ડીગ્રીનો પારો વટાવી દીધો હતો.

જેના કારણે ખેતી સહિતના સાધનોનો વપરાશ હવે સતત વધી રહ્યો છે. નેશનલ લોડ ડિસ્પેચ સેન્ટર એ વિજ પુરવઠા અંગે હાલમાં જ એક રિપોર્ટમાં જણાવ્યું કે હાલ જે રીતે માંગ વધી રહી છે તે આગામી એપ્રિલ બાદમાં મે અને જૂનમાં ૧૫થી૨૦ ગીગાવોટ વધી શકે છે.

જે પુરી કરવી ખૂબજ મુશ્કેલ છે. ગત વર્ષે ૨૫૦ ગીગાવોટ વિજળીની માંગ હતી જેમાં પણ દેશના અનેક ભાગોમાં વિજ કાપ, સ્ટેગરીંગ બાદ પુરી કરી શકાઈ હતી. આ વર્ષે વિજળી ૨૭૦ ગીગાવોટ કે તેથી વધુ રહી શકે છે અને તે વચ્ચે ગ્રીડ વ્યવસ્થા જાળવવી અઘરી બનશે. રાજયોએ તેના નિયમ કરતા વધુ લોડની અપેક્ષા રાખવી જોઈએ નહી નહીતર લાઈન ડીસ્ટર્બ થતા વિજ વ્યવસ્થા ખોરવાઈ શકે છે અને આ ઉપરાંત વિજ કાપ માટે પણ તૈયાર રહેવા લોકોને સંકેત આપી દેવાયા છે.

## ગોધરા ટ્રેન ઘટનાને અકલ્પનીય તીવ્રતાની દુર્ઘટના ગણાવતા વડાપ્રધાન મોદી

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

વડા પ્રધાન મોદીએ યુએસ સ્થિત પોડકાસ્ટર અને એઆઈ સંશોધક લેક્સ ફ્રિડમેન સાથેની એક મુલાકાતમાં ગોધરા ટ્રેન ઘટનાને અકલ્પનીય તીવ્રતા ની દુર્ઘટના ગણાવી હતી જે હિંસા માટે એક ઉત્તેજક બિંદુ બની હતી.

દાયકાઓ લાંબી રાજકીય કારકિર્દીના બીજા પોડકાસ્ટમાં, મોદીએ સ્પષ્ટતા કરી કે આ અત્યાર સુધીના સૌથી મોટા રમખાણો હતા તેવી ધારણા ખરેખર ખોટી માહિતી છે.

મોદીએ રમખાણો પહેલાની આતંકવાદી ઘટનાઓ અને ગુજરાતમાં રમખાણોનો ઈતિહાસ કેવી રીતે રહ્યો છે તે પણ સમજાવ્યું. તેમણે ઉમેર્યું પરંતુ ૨૦૦૨ પછી, ૨૨ વર્ષમાં ગુજરાતમાં એક પણ મોટો રમખાણ થયો નથી. ગુજરાત સંપૂર્ણપણે શાંતિપૂર્ણ રહે છે.

રમખાણોને લગતા આરોપો અંગે મોદીએ કહ્યું, તે સમયે, અમારા રાજકીય વિરોધીઓ કિન્દ્રમાંી સત્તામાં હતા, અને સ્વાભાવિક રીતે તેઓ ઈચ્છતા હતા કે અમારી સામેના બધા આરોપો ટકી રહે. તેમના અવિરત પ્રયાસો છતાં, ન્યાયતંત્રે પરિસ્થિતિનું બે વાર બારીકાઈથી વિશ્લેષણ કર્યુ અને અંતે અમને સંપૂર્ણપણે નિર્દોષ જાહેર કર્યા. જે લોકો ખરેખર જવાબદાર હતા તેમને અદાલતો તરફથી ન્યાયનો સામનો કરવો પડ્યો છે.

હિંસા તરફ દોરી જતી ઘટનાઓ અત્યંત અસ્થિરતા

ફ્રિડમેને તેમના પોડકાસ્ટમાં, જેમાં અંગ્રેજી (ગજ), હિન્દી, હિન્દી લેટિન અને રશિયન ભાષામાં ઓડિયો ટ્રેક છે, મોદીને ૨૦૦૨ માં મુખ્યમંત્રી તરીકેના કાર્યકાળ દરમિયાન થયેલી ગુજરાત કોમી હિંસામાંથી શું શીખ્યા તે વિશે પૂછ્યું, જેમાં ૧,૦૦૦ લોકો માર્યા ગયા હતા, જ્યારે સુપ્રીમ કોર્ટે ૨૦૧૨ અને ૨૦૨૨ માં બે ચુકાદા આપીને તેમને કલીનચીટ આપી હતી. ડખ મોદીએ કહ્યું કે, ''તમે ઉલ્લેખ કરેલી અગાઉની ઘટનાઓ, જેમ કે ૨૦૦૨ માં ગુજરાતમાં થયેલા રમખાણો, હું તમને તે સમયના વાતાવરણને સંપૂર્ણપણે સમજી શકે તે પહેલાંના ૧૨ થી ૧૫ મહિનાનું સ્પષ્ટ ચિત્ર દોરવા માંગુ છું. ઉદાહરણ



તરીકે, ૨૪ ડિસેમ્બર, ૧૯૯૯ ના રોજ લો, લગભગ ત્રણ વર્ષ પહેલાં, કાઠમંડુથી દિલ્હી જતી એક ભારતીય ફ્લાઈટનું હાઈજેક કરવામાં આવ્યું હતું, તેને અફઘાનિસ્તાન રીડાયરેક્ટ કરવામાં આવ્યું હતું અને કંદહારમાં ઉતારવામાં આવ્યું હતું. સેંકડો ભારતીય મુસાફરોને બંધક બનાવવામાં આવ્યા હતા. તેનાથી સમગ્ર ભારતમાં ભારે અશાંતિ ફેલાઈ ગઈ હતી કારણ કે લોકો જીવન અને મળત્યુની અનિ?તિતાનો સામનો કરી રહ્યા હતા.''

પ્રધાનમંત્રી મોદીએ આગળ કહ્યું, પછી, વર્ષ ૨૦૦૦ માં, દિલ્હીના લાલ કિલ્લા પર આતંકવાદીઓ દ્વારા હુમલો કરવામાં આવ્યો.

## રામ મંદિર ટ્રસ્ટે સરકારને અધધ.. ૪૦૦ કરોડનો ટેક્સ ચૂકવ્યો

**મુખ્ય સમાચાર,અયોધ્યા**

અયોધ્યામાં શ્રી રામ જન્મભૂમિ મંદિરનું કામ ૯૬ ટકા પૂર્ણ થયું છે. એવું માનવામાં આવે છે કે જૂન સુધીમાં મંદિર સંપૂર્ણપણે તૈયાર થઈ જશે. અત્યાર સુધીમાં મંદિર પર ૨૧૫૦ કરોડ રૂપિયા ખર્ચ કરવામાં આવ્યા છે અને ટ્રસ્ટે GST સહિત વિવિધ વસ્તુઓમાં ૩૯૬ કરોડ રૂપિયા સરકારને કર તરીકે આપ્યા છે. મણિ રામદાસ છાવણી ખાતે યોજાયેલી શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટની બેઠક બાદ ટ્રસ્ટના મહાસચિવ ચંપત રાયે આ માહિતી આપી હતી. રવિવારે શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટની બેઠક



મહંત નળત્ય ગોપાલ દાસની અધ્યક્ષતામાં યોજાઈ હતી. તેમાં ૭ ટ્રસ્ટીઓ હાજર હતા. ખાસ આમંત્રિત ૪ સભ્યો પણ હાજર હતા. ઓનલાઈન મીટિંગમાં ૪ ટ્રસ્ટીઓ કેશવ પરાશરણ, વિમલેન્દ્ર મોહન મિશ્રા, યુગપુરુષ પરમાનંદ, નળપેન્દ્ર મિશ્રા હાજર રહ્યા હતા. આ બેઠકમાં ૧૨ ટ્રસ્ટીઓ હાજર રહ્યા હતા. ૨ ટ્રસ્ટીઓ ગેરહાજર હતા. ટ્રસ્ટી કામેશ્વર ચૌહાણના અવસાનને કારણે આ પદ ખાલી પડ્યું છે. મુખ્ય પુજારી આચાર્ય સત્યેન્દ્ર દાસ અને ટ્રસ્ટી કામેશ્વર ચૌપાલને શ્રદ્ધાંજલિ આપવામાં આવી.

## અમેરિકા ગયેલા અનેક સીનીયર સીટીઝન પર ગ્રીનકાર્ડ છોડી દેવા દબાણ

**મુખ્ય સમાચાર,વોશિંગ્ટન**

અમેરિકામાં કાયમી વસવાટ માટે એક સમયે લોટરી લાગવાથી પણ વધુ 'લકી' ગણાતું ગ્રીનકાર્ડ આજે ભારતીય સહિત લાખો વિદેશીઓ માટે જેઓ આ ગ્રીનકાર્ડ હોલ્ડર છે એટલે કે અમેરિકામાં કાયમી વસવાટ-નોકરી ધંધા કરવાનો હકક ધરાવે છે. તેઓ માટે ચિંતાનું કારણ બની ગયુ છે.

હાલમાં જ અમેરિકાના વાઈસ પ્રેસીડેન્ટ- જે.ડી.વાન્સે એક મુલાકાતમાં ગ્રીનકાર્ડ હોવું એ અમેરિકામાં કાયમી વસવાટનો પરવાનો નથી અને તે ગમે તે ઘડીએ રદ કરી શકાય છે. તે વિધાનો કર્યા તે પુર્વે જ ટ્રમ્પ શાસને ગ્રીનકાર્ડ હોલ્ડર્સને પણ હવે અમેરિકામાં વસવાનું મુશ્કેલ બને તેવી સ્થિતિ બનાવવાનું શરૂ કર્યુ છે.

ખાસ કરીને આ ગ્રીનકાર્ડ હોલ્ડર વિદેશ કે સ્વદેશની સફર કરીને પરત અમેરિકા પરત આવી રહ્યા છે. તેઓને એરપોર્ટ પર જ હવે તેના આ ગ્રીન કાર્ડ સરન્ડર કરવા ઈમીગ્રેશન અધિકારીઓ દબાણ લાવી રહ્યા છે.

ખાસ કરીને વર્ષોથી અમેરિકામાં રહીને જેઓ સ્થાયી થઈ ગયા છે તેવા સીનીયર સીટીઝન કક્ષાના ભારતીય ગ્રીનકાર્ડ હોલ્ડરને અમેરિકામાં પરત આવતા સમયે એરપોર્ટ પર આ પ્રકારના દબાણનો સામનો કરવો પડી રહ્યો છે. આ અંગેના એક અહેવાલ પરથી અહીના ભારતીય સમુદાય માટે નવી ચિંતા સર્જાઈ છે.

એક એટર્નીના જણાવ્યા મુજબ એરપોર્ટ પર અનેક સિનીયર સીટીઝન ઈમીગ્રેશન અધિકારીની ધમકીનો ભોગ બન્યા છે. તેઓ જો ગ્રીનકાર્ડ સરન્ડર




ન કરે તો અટકાયતમાં ભાગ લેવા અથવા તો પરત મોકલી આપવાની ધમકી પણ આપવામાં આવી રહી છે.

વાસ્તવમાં ગ્રીનકાર્ડ એ અમેરિકામાં પ્રવેશનો 'પીળો પરવાનો' છે અને તેની ઈમીગ્રેશન નિષ્ણાંતો સ્પષ્ટ કરે છે કે, ચોકકસ સ્થિતિમાંજ આ ગ્રીનકાર્ડ રીવોક એટલે કે રદ કરી શકાય છે. જેમાં ૧૮૦ દિવસ અમેરિકાની બહાર રહેવું ચોકકસ પ્રકારની ગુન્હાહિત કે તેવી પ્રવૃતિઓ ખુબજ ગંભીર રીતે સંડોવણીને કારણ ગણાય છે. ૧૮૦ દિવસ સુધી અમેરિકામાં બહાર રહેવું એ પણ રી-એડમીશન પ્રક્રિયા છે. સામાન્ય રીતે તેને વધુ ગંભીરતાથી લેવામાં આવતી નથી. ૩૬૫ દિવસ કે તેની વધુ સમય જો તે દેશ બહાર રહ્યા હોય તો તેના માટે ચકાસણી જરૂરી છે.

## અમેરિકન અવકાશયાત્રી સુનિતા વિલિયમ્સ કાલે સાંજે પૃથ્વી પર પરત ફરશે

### સુનીતા વિલિયમ્સ અને બૂચ વિલ્મોર છેલ્લા નવ મહિનાથી સ્પેસ સ્ટેશન પર અટવાયેલા હતા

**મુખ્ય સમાચાર,વોશિંગ્ટન**

ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશન પર ફસાયેલા ભારતીય મૂળના અમેરિકન અવકાશયાત્રી સુનિતા વિલિયમ્સ અને અવકાશયાત્રી બૂચ વિલમોરની પૃથ્વી પર પરત ફરવાની તારીખ નક્કી કરવામાં આવી છે. અમેરિકન સ્પેસ એજન્સી નાસાએ કહ્યું છે કે, આ બે અને અન્ય બે અવકાશયાત્રીઓ આવતીકાલે સાંજે પૃથ્વી પર પાછા ફરશે.

નાસાએ જણાવ્યું કે, સુનિતા વિલિયમ્સ, બુચ વિલ્મોર અને અન્ય એક અમેરિકન અવકાશયાત્રી નિક હેગ અને એક રશિયન અવકાશયાત્રી એલેક્ઝાન્ડર ગોરખુનોવ ફ્લોરિડાના દરિયાકાંઠે કાલે સાંજે લગભગ ૬ વાગ્યે જાફભયડ ના ડ્રેગન ક્રાફ્ટ વાહનથી પૃથ્વી પર ઉતરી શકે છે.

અગાઉ તેઓ બુધવારે પૃથ્વી પર પાછા ફરે તેવી અપેક્ષા હતી. સ્પેસએક્સનું ડ્રેગન ક્રાફ્ટ વ્હીકલ રવિવારે ચાર અવકાશયાત્રીઓ સાથે ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશન પહોંચ્યું હતું.

સુનીતા વિલિયમ્સ અને બૂચ વિલ્મોર છેલ્લા નવ મહિનાથી સ્પેસ સ્ટેશન પર અટવાયેલા છે. આ બંને બોઈંગના સ્ટારલાઈનર સ્પેસક્રાફ્ટમાં ગયા વર્ષે જૂનમાં અવકાશમાં પહોંચ્યા હતા, પરંતુ સ્ટારલાઈનર સ્પેસક્રાફ્ટમાં ટેક્નિકલ ખામી સર્જાવાને કારણે બંને પરત ફરી શક્યા ન હતા.

સુનીતા વિલિયમ્સ અને બૂચ વિલ્મોરે ૨૮૪ દિવસ અવકાશમાં વિતાવ્યા



છે. આવી સ્થિતિમાં બંનેને સ્વાસ્થ્ય સંબંધિત ઘણી સમસ્યાઓનો સામનો કરવો પડી શકે છે.

ઉલ્લેખનીય છે કે, લાંબા સમય સુધી અવકાશમાં શૂન્ય ગુરુત્વાકર્ષણ અને મજબૂત કિરણોત્સર્ગમાં રહેવાથી હાડકાંની નબળાઈ, આંખોની રોશની પર અસર અને શરીરનું સંતુલન ગુમાવવા જેવી સમસ્યાઓ થઈ શકે છે. રેડિયેશન કેન્સર અને નર્વસ સિસ્ટમની સમસ્યાઓનું કારણ બની શકે છે. વધુમાં, રોગપ્રતિકારક શક્તિ પણ ઘટી શકે છે.

## કાશ્મીરમાં ફરી ત્રાસવાદીઓ તથા સુરક્ષા દળો વચ્ચે ભીષણ જંગ

■ ત્રણ આતંકવાદીઓને ઘેરી લેવામાં આવ્યા : એક જવાન ઘાયલ

**મુખ્ય સમાચાર,શ્રીનગર**

કાશ્મીરમાં આજે ફરી ત્રાસવાદીઓ તથા સુરક્ષા દળો વચ્ચે ભીષણ એનકાઉન્ટર શરૂ થયુ હતું ત્રણ જેટલા આતંકવાદીઓને ઘેરી લેવામાં આવ્યા હતા.ભારતીય જવાન ઘાયલ થયો હતો.

કાશ્મીરનાં કુપવાડામાં વાસ્તવિક અંકુશ રેખા નજીક ખુરમોરા ક્ષેત્રમાં ત્રાસવાદીઓ છુપાયા હોવાની



બાતમી પરથી સુરક્ષાદળો દ્વારા સમગ્ર વિસ્તારને કોર્ડન કરી લેવામાં આવ્યો હતો. ત્યારે ત્રાસવાદીઓએ ગોળીબાર શરૂ કર્યો હતો. જેને પગલે એનકાઉન્ટર થયુ હતું. સામસામા ગોળીબારમાં એક સુરક્ષા જવાન ઘાયલ થયો હતો.

આતંકવાદીઓનો ખાત્મો બોલાવવા સમગ્ર વિસ્તારમાં કોમ્બીંગ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું છે. એનકાઉન્ટર દરમ્યાન ત્રાસવાદીઓ સુરક્ષા ઘેરાબંધી તોડીને નાસી જતા મોટાપાયે શોધખોળ શરૂ કરવામાં આવી છે.

## વક્ફ બિલ મુદ્દે મુસ્લિમ પર્સનલ લો બોર્ડના મોટા પાયે દેખાવો

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

ઑલ ઈન્ડિયા મુસ્લિમ પર્સનલ લો બોર્ડના બેનર હેઠળ વકફ (સંશોધન) બિલ સામે વિરોધમાં અલગ-અલગ મુસ્લિમ સંગઠનોના પ્રમુખ અને રાજકીય પાર્ટીના સાંસદ અને વરિષ્ઠ નેતાઓએ જંતર-મંતર પર પહોંચવાનું શરૂ કરી દીધું છે. આ દરમિયાન ઝમીયત ઉલેમા-એ-હિંદના અધ્યક્ષ મૌલાના મહેમૂદ મદની, કોંગ્રેસ નેતા સલમાન ખુર્શીદ, ઈમરાન મસૂદ અને અસદુદ્દીન ઔવેસી જેવા દિગ્ગજ જંતર-મંતર પહોંચ્યા છે.

AIMPLB ના ધરણા પર પ્રતિક્રિયા આપતાં વક્ફ ઉંઈ અધ્યક્ષ અને ભાજપ સાંસદ જગદંબિકા પાલે કહ્યું કે, પજંતર-મંતરનો વિરોધ, રાજકીય પ્રેરિત છે. આ વિરોધ સુનિયોજીત પ્રકારે કરવામાં આવી રહ્યો છે, જે રાજકીય ઘર્ષણના કારણે છે. વિપક્ષના લોકો તુષ્ટિકરણની રાજનીતિ કરી રહ્યા છે. તેમણે અઈખડકઈ સવાલ પૂછતા કહ્યું કે, કઈ વાતને લઈને વિરોધ થઈ રહ્યો છે? અમે ૪૨૮ પેજનો રિપોર્ટ પ્રસ્તુત કર્યો છે. તેમણે રિપોર્ટ વાંચ્યો નથી. કલેક્ટરના મામલે સવાલ કરવો ઠીક નથી. જગદંબિકા પાલે દાવો કર્યો કે, આ બિલ ગરીબ મુસ્લિમ અને પસમાંદા મુસ્લિમ માટે છે. જ્યારે બેઠક થઈ રહી હતી તો તેમાં ઑલ ઈન્ડિયા મુસ્લિમ પર્સનલ લો બોર્ડના લોકોને પણ બોલાવવામાં આવ્યા હતાં, તમામ સ્ટેટ હોલ્ડર સામેલ હતાં, તેમ છતાં વિરોધ કરવો યોગ્ય નથી. આ મુદ્દે રાજકારણ કરવામાં આવી રહ્યું છે. આ કાયદાને લઈને ભ્રમ પેદા કરવામાં આવી રહ્યો છે. દેશના લોકોને ભ્રમિત કરવામાં આવી રહ્યા છે. દેશ અને રાજ્ય કાયદાથી ચાલે છે. ૩૭૦ સમયે પણ લોહીની નદીઓ વહેવાની વાત કરવામાં આવી હતી પરંતુ, જમ્મુ-કાશ્મીરમાં એવું કંઈ ન થયું. ત્રિપલ તલાકના સમયે પણ જંતર-મંતર પર વિરોધ કરવામાં આવ્યો હતો. જેમ પહેલાંના સંશોધન દેશના ભલાં માટે કરવામાં આવ્યા હતાં તેમ વક્ફ પણ દેશના ભલાં માટે કરવામાં આવી રહ્યું છે.

વિરોધ પહેલાં ઑલ ઈન્ડિયા મુસ્લિમ પર્સનલ લો બોર્ડે કહ્યું કે, પઆ વિરોધ પ્રદર્શનમાં અઈખડકઈ સાથે-સાથે બીજા અનેક મુસ્લિમ સંગઠન પ્રદર્શનમાં સામેલ થઈ રહ્યા છે. જંતર-મંતરથી સંદેશ આપવામાં આવશે કે માંગ નહીં માનવામાં આવી તો આંદોલન કરીશું. વિરોધમાં અલગ-અલગ રાજયના પ્રતિનિધિઓનું કહેવું છે કે, આ



જમીન અમારા બાપ-દાદાઓની છે. આ બિલ દ્વારા ઘર, જમીન અને મસ્જિદો પર હુમલો કરવામાં આવી રહ્યો છે. આ કાળો કાયદો છે. અમે તેને લાગુ નહીં થવા દઈએ. જો કોઈ ધાંધલી કરવામાં આવી રહી છે તો સરકાર તેની તપાસ કરે. આ કાયદામાં બીજા ધર્મના લોકોને પણ સામેલ કરવામાં આવે. થોડા દિવસો પહેલાં અઈખડકઈ એલાન કર્યું હતું કે, ગઉઅ સરકારમાં સામેલ પાર્ટી સહિત ધર્મનિરપેક્ષ રાજકીય પાર્ટીઓની અંતરાત્માને જગાવવા માટે ૧૭ માર્ચે જંતર-મંતર પર વક્ફ (સંશોધન) બિલની સામે વિરોધ પ્રદર્શન કરવામાં આવશે. પહેલાં આ ધરણાં ૧૩ માર્ચે થવાના હતાં પરંતુ, હોળીના તહેવારના કારણે તેને સ્થગિત કરવામાં આવ્યા હતાં.

# મોરબીમાં ટ્રાન્સપોર્ટ ધંધાર્થી વૃધ્ધની હત્યા કરનાર ત્રણ ઝડપાયા

## મોરબીમાં સામાકાઠે ઓફિસ પાસે સુવા બાબતે ઝઘડો થતા છરીના ઘા ઝીકી વૃદ્ધની હત્યા કરી હતી

■ **પોલીસે ૩ આરોપીઓની અટકાયત કરીને ઘટનાનું રી–કન્સ્ટ્રક્શન કરાવ્યું**

**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબીમાં સામાકાંઠા વિસ્તારમાં ટ્રાન્સપોર્ટના ધંધાર્થી વૃદ્ધની તેમની જ ઓફિસના કમ્પાઉન્ડમાં છરીના આડેધડ ઘા મારી હત્યા નિપજાવવામાં આવી હતી. ગત તા ૧૫/૦૩ ના રોજ મોડી રાત્રીના બનેલ હત્યાના બનાવમાં ટ્રાન્સપોર્ટની ઓફિસની ગેલેરીમાં સુવા આવેલ ત્રણ યુવકોને સુવાની ના પાડતા એકદમ ઉછેરાયેલ ત્રણ પૈકી બે વ્યક્તિએ વૃદ્ધને પકડી રાખી જ્યારે અન્ય એક ઈસમ દ્વારા છરીના આડેધડ ઘા ઝીકી વૃદ્ધની નિર્મમ હત્યા નિપજાવી હતી, હાલ મૃતકના દીકરા દ્વારા હત્યારા ત્રણેય આરોપીઓ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે જેમાં પોલીસે ત્રણ આરોપીની ધરપકડ કરી અને સમગ્ર ઘટનાનું રિકન્સ્ટ્રકશન કરાવી કાર્યવાહી હાથ ધરી છે. મોરબીના સામાકાંઠા વિસ્તારમાં આનંદનગર હનુમાનજીના મંદિર પાછળ રહેતા સંદીપગીરી જેઠીગીરી ગોસાઈ ઉવ.૩૪ કે જેઓની જય અમરનાથ રોડવેઝ શિવશક્તિ રોડવેઝ નામની ટ્રાન્સપોર્ટ ઓફીસ ત્રાજપર ચોકડી નજીક ભગવતી ચેમ્બરમાં આવેલી છે, તેઓએ ઉપરોક્ત હત્યાના આરોપી મુસ્તાક ઉર્ફે કાળો ઓસમાણભાઈ મીયાણા (રહે. ખીરઈ ગામ તા.માળીયા(મી), જાકિર બચુભાઈ સંધી (રહે. મોરબી) તથા ઈકબાલ હૈદર જેડા (રહે.મોરબી) વિરુદ્ધ બી ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી કે તા.૧૫/૦૩ના રોજ રાત્રીના ૧૧:૩૦ વાગ્યાની આસપાસ ફરીયાદીના પિતા જેઠીગીરી અમલગીરી ગોસાઈ (ઉવ.૬૫) એ ઉપરોક્ત ત્રણેય આરોપીઓને ઓફીસની ગેલેરીમા સુવાની ના પાડતા,એકદમ ઉશ્કેરાયેલ



ત્રણેય આરોપીઓને સારું નહી લાગતા જેનો ખાર રાખી, ત્રણેય આરોપીઓએ એકસંપ કરી પોતાનો સમાન ઈરાદો પાર પાડવા જેઠીગીરીને આરોપી જાકિર સંધી અને ઈકબાલ જેડાએ પકડી રાખી તે દરમિયાન આરોપી મુસ્તાક ઉર્ફે કાળો એ પોતાની પાસે રહેલ છરી વડે જેઠીગીરીના પેટના ભાગે આડેધડ છરી વડે ઘા મારી દેતા જેઠીગીરીની કરપીણ હત્યા નિપજાવી ત્રણેય હત્યારાઓ સ્થળ ઉપરથી નાસી ગયા હતા. હાલ, બી ડિવિઝન પોલીસે મૃતકના દીકરાની ફરિયાદને આધારે ત્રણેય હત્યારા આરોપીને ઝડપી પાડયા હતા બાદમાં પોલીસે ત્રણે આરોપીને ઘટનાસ્થળે લઈ જઈ અને લઈ રીતે હત્યાના બનાવને અંજામ આપ્યો તે ઘટનાનું રિકન્સ્ટ્રકશન કરવામાં આવ્યું હતું.

# જામનગરમાં એરપોર્ટપર શ્રી શ્રી રવિશંકર મહારાજનું આગમન



આધ્યાત્મિક ગુરુ શ્રી શ્રી રવિશંકરનું જામનગર આગમન.એરપોર્ટ પર ભક્તોએ રુદ્રાક્ષ અને પુષ્પગુચ્છથી ભવ્ય સ્વાગત કર્યું, વનતારા જવા રવાના.શ્રી શ્રી રવિશંકર એરપોર્ટથી સીધા રિલાયન્સ નજીક આવેલા વનતારાની મુલાકાત લેવા રવાના થયા. તેમના આગમનથી સમગ્ર વાતાવરણ આધ્યાત્મિક બની ગયું હતું.

# જામનગરમાં રૂ. ૬ કરોડથી વધુના ખર્ચે નિર્મિત થનાર નવીન એસ.ટી.વર્કશોપનું ખાતમુહૂર્ત કરાયું





જામનગર, ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ દ્વારા રૂ.૬૦૩.૦૮ લાખના ખર્ચે જામનગર ખાતે બાંધવામાં આવનાર નવીન એસ.ટી.ડેપો વર્કશોપનો રાજ્યના કેબિનેટ મંત્રી રાઘવજીભાઈ પટેલ તથા મુળુભાઈ બેરાના હસ્તે ખાતમુહૂર્ત સમારોહ યોજવામાં આવ્યો હતો. રાજ્ય સરકાર દ્વારા જામનગર એસ.ટી.વિભાગને ફાળવવામાં આવેલ રૂ.૬૦૩.૦૮ લાખના ખર્ચ થકી આર.સી.સી.ફ્રેમ સ્ટ્રકચર વાળા સુવિધાયુક્ત નવીન એસ.ટી.વર્કશોપનું ૧૭, ૬૨૩ ચો.મી. જગ્યામાં આગામી સમયમાં નિર્માણ થશે જેમાં ડેપો મેનેજર ઓફિસ, એડમીન રૂમ, ટાયર રૂમ, બેટરી રૂમ, સ્ટોર રૂમ, વર્કર રેસ્ટ રૂમ, ઈલેક્ટ્રિક રૂમ, વોટર રૂમ સહિતની આધુનિક સુવિધાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે.આ પ્રસંગે કેબિનેટ મંત્રી મુળુભાઈ બેરાએ જણાવ્યું કે જામનગરનું વર્ષો જૂનુ બસ સ્ટેન્ડ અને તેને સંલગ્ન એસ.ટી.વર્કશોપ ૧૭ હજાર ચો.મી. થી વધુ જગ્યામાં નિર્માણ પામશે.તેમજ મુસાફરોને આ દરમિયાન હાલાકી ન પડે તે માટે જુના બસ સ્ટેન્ડના વિકલ્પ તરીકે શહેરની મધ્યમાં આવેલ પ્રદર્શન ગ્રાઉન્ડ ખાતે આવતીકાલ તા. ૧૭ માર્ચથી હંગામી બસ સ્ટેન્ડ કાર્યરત કરવામાં આવશે.આ પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખ મેઘબેન ગરસર, ધારાસભ્ય દિવ્યેશભાઈ અકબરી તથા રિવાબા જાડેજા, નિવાસી અધિક કલેક્ટર બી.એન.ખેર, વિભાગીય નિયામક બી.સી.જાડેજા, વિભાગીય પરિવહન અધિકારી જે.વી.ઈસરાણી ,વહીવટી અધિકારી જે.વી.કણઝારીયા, નાયબ ઈજનેર એ.ડી.મહેતા, હિસાબી અધિકારી બી.જે.ભીમાણી, ડેપો મેનેજર એન.બી.વરમોરા, મહાનગરપાલિકાના નગરસેવકો સહિત બહોળી સંખ્યામાં એસ.ટી.વિભાગના કર્મચારીઓ, એસ ટી નિગમના ત્રણેય યુનિયનના પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# મુળુભાઈ બેરાએ જામનગરની સરકારી હોસ્પિટલના નવનિર્માણ અંગે મુલાકાત લઈ વૈકલ્પિક વ્યવસ્થાઓની સમીક્ષા કરી

**મુખ્ય સમાચાર,જામનગર**

રાજ્યના વન અને પર્યાવરણ, પ્રવાસન, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ તથા ક્લાયમેટ ચેન્જ વિભાગના કેબિનેટ મંત્રી મુળુભાઈ બેરાએ જામનગરની ગુરુ ગોવિંદસિંઘ જનરલ હોસ્પિટલના નવનિર્માણ અંગે હોસ્પિટલની મુલાકાત લઈ ઉભી કરવામાં આવેલ વૈકલ્પિક વ્યવસ્થાઓની સમીક્ષા કરી હતી. એમ.પી. શાહ સરકારી મેડિકલ કોલેજના ડીન ડો.નંદીની દેસાઈ તેમજ હોસ્પિટલના સુપ્રીટેન્ડેન્ટ ડો.દિપક તિવારીએ નવનિર્મિત હોસ્પિટલના વિકલ્પ તરીકે ઉભી કરવામાં આવેલ વિવિધ સુવિધાઓની મંત્રીને વિગતવાર માહિતી આપી હતી.આ તકે મંત્રીશ્રીએ જનરલ ઓપીડી, ગાયનેક, ટ્રોમા ઈમરજન્સી, પીડિયાટ્રિક, સર્જરી સહિતના વિભાગો અંગેની જાણકારી મેળવી હતી તેમજ દર્દીઓ તેમજ તેમના પરિવારજનો માટે ઉભી કરવામાં આવેલ વિવિધ વ્યવસ્થાઓ ચકાસી જરૂરી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

આ અંગે મંત્રીએ જણાવ્યું કે સ્થાનિક ધારાસભ્યો તથા આગેવાનોની માંગણી ધ્યાને લઈ રાજ્ય સરકાર દ્વારા ગુરુ ગોવિંદસિંઘ હોસ્પિટલના નવ નિર્માણ માટે ગત બજેટમાં જરૂરી રકમની ફાળવણી કરવામાં આવેલ છે.હોસ્પિટલ તથા હોસ્ટેલના નવ નિર્માણનું કાર્ય વહીવટી ક્ષેત્રે હાલ પ્રગતિ હેઠળ છે.દરમિયાન દર્દીઓને કોઈપણ પ્રકારની મુશ્કેલી ન પડે તે માટે આ સ્થળે ઊભી કરવાની થતી વૈકલ્પિક વ્યવસ્થાઓનું કાર્ય પણ ટૂંક સમયમાં પૂર્ણ કરવામાં આવશે. મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું કે કેમ્પસના નવ નિર્માણનું કાર્ય ત્રણ વર્ષમાં પૂર્ણ કરવામાં આવશે તેમજ જૂના બિલ્ડીંગની બાજુમાં જ હંગામી વ્યવસ્થાઓ હાલ ગોઠવાઈ રહી છે.આ




કામગીરી સંપન્ન થયા બાદ જુના બિલ્ડીંગનું ડિમોલેશન કરી આગળનું કામ શરૂ કરાશે.૭૪ એકર વિસ્તારમાં ફેલાયેલ જી.જી.હોસ્પિટલ તથા એમ.પી.શાહ સરકારી મેડિકલ કોલેજ ખાતે ૧૫ જેટલા હોસ્પિટલ બિલ્ડીંગ, ૭૦ સ્ટાફ ક્વાર્ટર, નર્સિંગ કોલેજ તથા હોસ્ટેલ બિલ્ડીંગ સહિતની સુવિધાઓ નિર્માણ પામશે.સાથે સાથે ડેન્ટલ કોલેજ, ફિઝીયોથેરાપી કોલેજ તથા મેન્ટલ હોસ્પિટલનો પણ આમાં સમાવેશ કરવામાં આવશે.

# ગીર ગઢડાના અંબાડા ગામે ૬૫ લાખનાખર્ચે નવી પ્રાથમિક શાળાનુ લોકાર્પણ



**મુખ્ય સમાચાર ઊના અબ્દુલ પઠાણ**

ગીર ગઢડા તાલુકાના અંબાડાગામે રૂપિયા ૬૯ લાખ ના ખર્ચે તૈયાર થયેલ ૦૨ વિકાસ ના કામો નું લોકાર્પણ કરવામાં આવ્યું.જેમાં રૂપિયા ૬૫ લાખ ના ખર્ચે નવી પ્રાથમિક શાળા* અને રૂપિયા ૦૪ લાખ ના ખર્ચે નવા સ્નાન ઘાટ નો સમાવેશ થાય છે.આ કાર્યક્રમ મા જિ. પ. કારોબારી સમિતિ ચેરમેન શ્રી ડાયાબાપા, તાલુકા પંચાયત પ્રમુખ પ્ર. અને જિલ્લા ભાજપ અનુ. જાતિ મોરચા ના જિલ્લા પ્રમુખ શ્રી પ્રવીણભાઇ સાંખટ, તાલુકા ભાજપ મહામંત્રી કે. સી રાજપૂત, તાલુકા પંચાયત ના સદસ્ય શ્રી ઓ, સરપંચ શ્રી ઓ અને ગામ લોકો મોટી સંખ્યામાં જોડાયા હતા.

# ઊના ગુંદાળા ગામે આધેડ પર ખુખાર દીપડાએ હુમલો કરતા સરકારી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાયા

■ **૪૯ વર્ષીય ખેડૂત પર દીપડાએ હુમલો કરતાં ગંભીર**

**મુખ્ય સમાચાર ઉના અબ્દુલ પઠાણ**

ઉના તાલુકાના ગુંદાળા ગામે ભર બપોરે બાજરાના ખેતમાં ખુખાર દીપડો સંતાઈને બેઠો હતો ત્યારે ગુંદાળા ગામે રહેતા સિદીક ઈસમાલ ઉનડ ઉંમર વર્ષ ૪૯ તેઓ પોતાના બાજરાના ખેતરમાં કામ કરતા હતા તે દરમિયાન અચાનક ખુખાર દીપડાએ હુમલો કરતા તેમને તાત્કાલ ઉના સરકારી હોસ્પિટલે સારવાર અર્થે ખસેડેલ તેઓને ગરદનના ભાગે તેમજ પીઠના ભાગે બીજા પહોંચી હતી ત્યારે આ બનાવ બનતા તરત જ ફોરેસ્ટર વિભાગ ઉના




સરકારી હોસ્પિટલે દોડી આવ્યો હતો તેઓનું કુટુંબીજનોનું કહેવાનું એવું છે કે

અગાઉ દોઢ વર્ષ પહેલા આવી જ રીતે તેમના પર દીપડાએ હુમલો કર્યો હતો ત્યારે પણ તેમને ગંભીર ઈજા પહોંચી હતી ત્યારે ફોરેસ્ટર વિભાગ દ્વારા તેઓને ૪૫ સો રૂપિયાનું વળતર આપવામાં આવ્યું હતું પણ વધુ ઈજા તેઓને થઈ હતી અને હોસ્પિટલનું બિલ ખૂબ મોટું હતું ત્યારે આજે ફરી ખુખાર દીપડાએ હુમલો કર્યો છે અને તેઓની ઈજા પહોંચાડી છે ફોરેસ્ટર વિભાગ માત્ર પાંજરૂ મૂકીને સંતોષ માને છે પણ તેવું ઈજા પામનાર ના પરિવારનું કહેવું છે ત્યારે ફોરેસ્ટ વિભાગ કહે છે પાંજરામાં શિકારની વ્યવસ્થા કરો ત્યારે દીપડો પાંજરે પુરાય પણ ખેડૂત બિચારો આ બધી વ્યવસ્થા ક્યાંથી કરે પણ આબધી મુશ્કેલીઓનો સામનો હાલ ખેડૂતો કરી છે

# ચોટીલા હાઈવે પર છકડો રીક્ષાને પીક અપ વાને ઠોકરે ચડાવતા મહિલાનું મોતઃ પાંચને ઈજા



ચોટીલા હાઈવે ઉપર આવેલ ચામુંડા આવાસ નજીક પેસેન્જર સાથે ઉભેલા છકડાને પુર ઝડપે આવતા પીકઅપ એ ટક્કર મારતા એક મહિલા મરણ પામેલ છે. અન્ય પાચ વ્યક્તિને ઈજા પહોંચી હતી. ચોટીલા હાઈવે ઉપર આવેલ સોસાયટી પાસે કાળાસર ખાતે મજુરી કામે જવા છકડો રીક્ષામાં બેસી નિકળવાની તૈયારીમાં મહિલાઓ હતી, તે સમયે અમદાવાદ તરફથી પુરપાટ આવતા પીકઅપ ચાલકે છકડાને ટક્કર મારી અકસ્માત સજીને ભાગી છુટતાં લોકોમાં રોષ ફેલાયો હતો અકસ્માતમાં જીવુબેન અણદાભાઈ ચૌહાણ નું મરણ નીપજ્યું છે. તેમજ હેજાબેન સુનિલભાઈ મકવાણા, કાજલબેન સુનિલભાઈ મકવાણા, સુનિતાબેન નરેશભાઈ ચૌહાણ, કું તલબેન રમેશભાઈ તેમજ છકડો રીક્ષા ચાલકને નાની મોટી ઈજાઓ પોહચી છે. મરણજનાર નગરપાલિકા સદસ્યના ભાભી થતા હોય તેમના પરિચિતો હોસ્પિટલ ખાતે દોડી ગયા હતા. ગંભીર ઈજા ગ્રસ્ત ત્રણ મહિલાઓને વધુ સારવાર માટે રાજકોટ રીફર કરવામાં આવેલ હતા. અકસ્માત બાદ બનાવ સ્થળે કેટલાક લોકો દોડી આવેલ ફોટા પાડી જતા રહેતા માનવતા ચુકાયાનું લોક કહી રહ્યાં હતા. અકસ્માત સર્જી ભાગી છૂટેલા વાહન અંગે આગળ જાણ કરતા એકાદ કીમી દૂર હાઈવે ઉપર મધ્ય પ્રદેશ પાર્સિંગની પીકઅપ ચાલકને લોકોએ રોકી પાડેલ હતો જેને નશો કરેલ હોવાની ચર્ચા ઉઠી હતી પોલીસે અકસ્માત સર્જનાર વાહન અને ચાલકને પોલીસ મથકે લઈ જવામાં આવેલ હતા. મરણજનાર મહિલાને એક પુત્ર છે જેને માતા ની છત્ર છાયા ગુમાવતા લોકોમાં શોકની લાગણી છવાઈ છે.

# નોકરી આપવાના બહાને તબિબ વિદ્યાર્થીની પર શખ્સે આચર્યું દુષ્કર્મ

## યુવતિની સગાઇ થઇ જતા અંગત પળોના વિડિયો વાયરલ કરી દેવાની ધમકી આપી શખ્સ જબરજસ્તી કરી શોષણ કરતો હતો



રાજકોટના રેલનગરમાં રહેતી અને માસ્ટર ઓફ ડાયગ્નોસીસનો અભ્યાસ કરી રહેલી તબીબ વિદ્યાર્થિની ઉપર તેના પૂર્વ ભાગીદારે જ દુષ્કર્મ ગુજાર્યાની ફરિયાદ નોંધાતાં પોલીસે દુષ્કર્મીની ધરપકડ કરી આગવી ઢબે સરભરા કરી હતી. આ અંગે ૩૪ વર્ષીય યુવતીએ નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું કે તેણે બી.એચ.એમ.એસ. પૂર્ણ કરી લીધા બાદ હાલ માસ્ટર ઓફ ડાયગ્નોસીસનો અભ્યાસ કરી રહી છે. ચારેક વર્ષ પહેલાં ડોક્ટરની નોકરી બાબતેની અખબારમાં જાહેરાત વાંચ્યા બાદ તેનો સંપર્ક સુનિલ હિંમતલાલ સુચક કે જે અમીપાર્ક બ્લોકસી–૫, મોદી સ્કૂલ પાછળ રહે છે તેની સાથે થયો હતો. સુનિલે યુવતીને કહ્યું હતું કે તેની પત્ની ડોક્ટર હતી અને તે રૈયા રોડ પર જનતા ડેરી સામેની શેરીમાં આવેલા ગીરીરાજનગર પાસે રોડના ખૂણે શિવ ક્લિનિકમાં ડોક્ટર તરીકે પ્રેક્ટિસ કરતા હતા. જો કે કોરોના સમયે તેનું મૃત્યુ થતાં હાલ એ ક્લિનિક બંધ પડયું છે. જો તબીબી વિદ્યાર્થિની એ ક્લિનિક સંભાળી હજે તો ૫૦% ભાગીદારી આપવાની મૌખિક વાત કરી હતી. આ પછી સુનિલ યુવતીને પૈસા પણ આપતો હતો. થોડા સમય બાદ સુનિલ તેની પુત્રીને ક્લિનિક પર મોકલતા હોય યુવતીને તેના ઘેર અવર–જવર થઈ રહી હોય સુનિલ સાથે સંપર્ક વધુ ગાઢ થઈ ગયો હતો. થોડા દિવસ બાદ સુનિલે યુવતીને કહ્યું હતું કે તમે મારા પત્ની જેવા જ લાગો છો...! મીત્રતા થઈ ગયા બાદ બન્ને ફરવા પણ જતા હતા. વર્ષ ૨૦૨૩માં પુવતીએ અભ્યાસ પર ધ્યાન આપવા માટે નોકરી છોડી દીધી હતી અને તેની સગાઈ પણ નક્કી થઈ ગઈ હતી. દરમિયાન 30 જાન્યુઆરીએ સવારે ૭:30 વાગ્યે યુવતી માધાપર ચોકડી પાસે બસની રાહ જોઈ રહી હતી ત્યારે સુનિલ તેની કાર લઈને પસી આવ્યો હતો અને કહ્યું હતું કે તેની સાથે યુવતી શરીરસંબંધ નહીં રાખે તો સગાઈ તોડાવી નાખશે અને વીડિયો વાયરલ કરી દેશે. આમ કહીને તે યુવતીને શિતલ પાર્ક, બીઆરટીએસ પાસે ધ સ્પાયર બિલ્ડિંગ–૨માં ૧૩ માળે લઈ ગયો હતો જ્યાં દુષ્કર્મ ગુજારી વીડિયો ઉતારી લીધો હતો. આ પછી એ જ રાત્રે ૧૧:30 વાગ્યે સુનિલ પુવતીના ઘેર ઘસી ગયો હતો અને ત્યાં તેને ધમકી આપી હતી કે તારે કુંવારું જ રહેવાનું છે નહીંતર વીડિયો વાયરલ કરી દઈશ. બીજા દિવસે ફરી સુનિલ આવ્યો હતો અને કારમાં બેસાડી યુવતીને અવાવરુ સ્થળે લઈ જઈ વધુ એક વખત દુષ્કર્મ ગુજાર્યું હતું. ચાર ફેબ્રુઆરીએ સુનિલે યુવતીના ઘેર જઈ માતા અને બહેન સાથે ઝઘડો હતો અને ત્યારબાદ ૧૩ માર્ચથી યુવતીને સોશ્યલ મીડિયા ઉપર પણ હેરાન કરવાનું શરૂ કરી દીધું હતું.

# જામનગર જિલ્લા કલેક્ટર કેતન ઠક્કરના અધ્યક્ષ સ્થાને જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની બેઠક યોજાઇ

**મુખ્ય સમાચાર,જામનગર**

જામનગર જિલ્લા કલેકટર કેતન ઠક્કરના અધ્યક્ષ સ્થાને કલેક્ટર કચેરીના સભાખંડમાં જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની બેઠક યોજાઇ હતી. બેઠકમાં ધારાસભ્ય મેઘજીભાઈ ચાવડા દ્વારા રજૂ કરવામાં આવેલ લોક પ્રશ્નો અને રજૂઆતો અંગે સત્વરે જરૂરી કાર્યવાહી હાથ ધરવા લગત અધિકારીઓને જિલ્લા કલેક્ટર દ્વારા સૂચના અપાઈ હતી.




આ બેઠકમાં નેશનલ હાઈવે ઓથોરીટી ઓફ ઈન્ડિયા, પોસ્ટ ઓફીસ, શિક્ષણ વિભાગ, જીલ્લા ગ્રામ વિકાસ એજન્સી, સિંચાઈ વિભાગ.પંચાયત,પી.જી.વી.સી.એલ., ડી.આઈ.એલ.આરને લગત પ્રશ્નો અંગેની ધારાસભ્યશ્રીની રજુઆતો અંગે હકારાત્મક દિશામાં ઉકેલ લાવી લોકોની માંગણીઓનો સંતોષકારક ઉકેલ આવે તે અંગે ચર્ચા કરવામાં આવી હતી. બેઠકમાં પ્રિ–મોન્સુન કામગીરી અન્વયે અને કુદરતી પાણીના નિકાલના માર્ગમાં આવતા સ્પોટ શોધી કાઢવા બાબતે તેમજ જીલ્લાના તમામ વિભાગોએ પોતાના સોશિયલ મીડિયા એકાઉન્ટ પર યોજનાકીય કામગીરીનો વ્યાપ વધારવાના મુદ્દા પર ચર્ચા કરવામાં આવી હતી. આ બેઠકમાં જીલ્લા પોલીસ વડા પ્રેમસુખ ડેલુ, ડી.સી.એફ. ડો.સુનીલ દેરવાલ.આઈ.એફ.એસ, અધિક નિવાસી કલેક્ટર બી.એન.ખેર, જીલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક શારદા કાથડ, નાયબ મ્યુનિસિપલ કમિશ્નર ડી.એન.ઝાલા, પ્રાંત અધિકારીઓ, લગત વિભાગના અધિકારીઓ હાજર રહ્યા હતા.

# સુરજબારી ચેક પોસ્ટ નજીક ડ્રિન્ક એન્ડ ડ્રાઈવમાં ટ્રક હડફેટે કારમાં નુકસાની

**મુખ્ય સમાચાર,મોરબી**

માળીયા(મી) હાઈવે રોડ ઉપર સુરજબારી ચેક પોસ્ટ નજીક આગળ જતી કારની પાછળ ટ્રક અથડાતા અકસ્માતનો બનાવ બનવા પામ્યો હતો, જેમાં ડમડમ હાલતમાં ટ્રક ચાલકે પોતાનો ટ્રક ચલાવી આગળ જતી કારને ટક્કર મારતા કારમાં નુકસાની થઈ હતી, સદભાગ્યે કોઈ ઈજાગ્રસ્ત થયું ન હતું. ત્યારે અકસ્માતની ઘટના બાદ તુરંત કાર ચાલક દ્વારા પોલીસ એ જાણ કરતા, માળીયા(મી) પોલીસ ઘટના સ્થળે પહોંચી પીધેલી હાલતમાં રહેલ ટ્રક ચાલકની અટક કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

અનુસાર અમદાવાદના ન્યુ જજીસ બંગલો રોડ ઉઓર અક્ષત આંગન ફ્લેટ એફ–૨૦૨માં રહેતા જીલભાઈ ચંદુભાઈ ઝાલાવાડિયા ઉવ.૩૪ નામના તબીબ ગત તા.૧૫/૦૩ ના રોજ પરિવાર સાથે કચ્છથી અમદાવાદ પોતાની મારુતિ કંપનીની ગ્રાંડ વિટારા કાર રજી.નં. જીજે–૧૮–ઈએ–૫૯૭૫ જતા હોય તે દરમિયાન રાત્રીના ૧૧ વાગ્યાની આસપાસ માળીયા(મી)ના સુરજબારી ચેક પોસ્ટ નજીક પાછળ આવતા ટ્રકના ચાલકે પોતાનો ટ્રક રજી નં. જીજે–૧૨–બીટી–૦૧૪૭ પુરઝડપે ચલાવી આગળ જતી ડોક્ટરની કારને ટક્કર મારતા, ડોક્ટરની કાર આગળ જતી અન્ય કાર સાથે અથડાતા ત્રિપલ અકસ્માત સર્જાયો હતો, જે અકસ્માતમાં ડોક્ટરની કારમાં નુકસાની થઈ હોય જેથી તુરંત પોલીસને જાણ કરતા માળીયા(મી)પોલીસ સ્થળ ઉપર પહોચી હતી, ત્યારે અકસ્માત સર્જનાર ટ્રક ચાલક આરોપી રાજુભા હરિસિંહ વાઘેલા રહે.બાવરડા ગામ જી.પાટણ વાળો નશાની હાલતમાં હોય જેથી ડોકટર જીલભાઈની ફરિયાદના આધારે માળીયા(મી) પોલીસે ટ્રક ચાલક વિરુદ્ધ ડ્રીંક એન્ડ ડ્રાઈવ સહિતની કલમો હેઠળ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# રાજકોટના ભુવાની ધતિંગલીલા બંધ કરાવતું વિજ્ઞાન જાથા

**મુખ્ય સમાચાર,રાજકોટ**

મેટોડા જી.આઈ.ડી.સી. વિસ્તારમાં તંત્રવિદ્યા, વિધિ-વિધાન, બેઠક માટે આવેલ રાજકોટનો ભુવો મહેશ મનજીભાઈ વાળાની ધતિંગલીલાનો ભારત જન વિજ્ઞાન જાથાની ટીમે મેટોડા પોલીસ સ્ટેશનની મદદથી ૧૨૬૪ મો સફળ પર્દાફાશ કર્યો હતો. ભુવાની ૧૦ વર્ષની કપટલીલાના પર્દાફાશમાં ભુવો આંકડાનો જુગારી નીકળ્યો હતો. ભુવાનો નગ્ન વિડીયો વાયરલ ચર્ચાનું કેન્દ્ર બન્યું હતું.

બનાવની વિગત પ્રમાણે જાથાના કાર્યાલયે પીડિત દંપતિએ આપેલી હકિક્તમાં ભુવો મહેશ હરિધવા મેઈન રોડ, નવનીત હોલવાળી શેરી, મોરારીનગર-૩ મા મસાણી ઘરમાં માતાજીનો મઢ રાખી બાનુ પહેરી લોકોના દુઃખ-દર્દ, દોરા-ધાગા, નિવારણ વિધિ, બેઠક રાખી ધૂણીને ઉપચારનું કામ કરે છે. બેઠકમાં સાગ્રીતો સાથે આવીને દાણા જોઈ વિધિના રૂા. ૫૧૦૦/- વસુલે છે. વાયણુંવાળા માટે એક્વીસ હજારથી એક લાખની વિધિ જણાવે છે. પરિવારમાં અંદરોઅંદર ઝઘડા કરાવવા, સ્મશાનમાં વિધિ, દોરા બાંધવા, યેનકેન છેતરપિંડી આચરે છે. પિડીતાના ઘરે જઈ બે પાકીટ સીગારેટ, ગુલાબનો હાર, આગતા-સ્વાગત જોવાના રૂપિયા સાથે સ્પે. વાહનનું ભાડું વસુલે છે. ઉતારની વિધિમાં ભય-ડર બતાવી મોટી રકમ પડાવે છે. પીડિત દંપતિએ રૂપિયા પીસ્તાલીસ હજારની છેતરપિંડીનો ભોગ બન્યાની હકિક્ત આપી હતી. ભુવાના ચક્કરમાં પોતે વ્યાજના ચક્કરમાં ફસાયાની સાથે દયનીય આપવિતી જણાવી હતી. જાથાને જરૂરી આધાર-પુરાવા આપ્યા હતા. ભોગ બનેલાની નામાવલિ આપી હતી.

જાથાના ચેરમેન-એડવોકેટ જયંત પંડયાએ માહિતીના આધારે ખરાઈ કરવા ડમી માણસોને મોકલતા હકિક્ત સત્ય સામે આવી હતી. પર્દાફાશ કરવાનું નક્કી થયું હતું.

ભુવા મહેશને બેઠક માટે મેટોડા જી.આઈ.ડી.સી. વિસ્તારના અંજલિ પાર્ક પાસે બોલાવવાનું નક્કી થયું. ભુવાએ ફૂલહાર, સીગારેટના પાકીટ પાંચ વ્યક્તિ, ગાડીનું ભાડું સહિત રૂા. ૭,૦૦૦/- સાત હજાર તૈયાર રાખવાની વાત કરી સમય તારીખ આપ્યા હતા.

જાથાના પંડયાએ પર્દાફાશાં પોલીસ બંદોબસ્ત માટે મુખ્યમંત્રી, અધિક મુખ્ય સચિવ, આઈ.જી.પી. રાજકોટ રેન્જ, જિલ્લા પોલીસ વડાને પત્ર પાઠવી માંગણી મુજબ મેટોડા પોલીસ સ્ટેશનને જરૂરી સુચના મોકલવામાં આવી હતી. મેટોડા પોલીસ સ્ટેશનમાંથી પી.આઈ. એસ. એચ. શર્માએ હેડ કોન્સ્ટે. યુવરાજસિંહ અશોકસિંહ જાડેજા, હેડ કોન્સ્ટે. હિતેશભાઈ રણછોડભાઈ, મહિલા કોન્સ્ટે. ધર્મિષ્ઠાબેન પ્રવિણભાઈ અને દર્શનાબેન પટેલને જાથાના બંદોબસ્ત માટે ફાળવી દીધા.

રાજકોટથી ભુવો મહેશ વાળા તેના સાગ્રીતો ધીરજ વીરજી બગડા, બ્રિજરાજસિંહ જાડેજા, ધર્મેશ હરેશભાઈ, હરેશ હસમુખ સોલંકી મેટોડા દાણા પાડવાની બેઠક માટે રવાના થયા. વિધિ માટેનું રહેઠાણ સુસજ્જ રાખવામાં આવ્યું. જાથાના ચેરમેન જયંત પંડયાના વડપણ હેઠળ



બાલસરના નિર્મળ મેત્રા, વીરડા વાજડીના દિનેશ હુંબલ, રાજકોટથી રોમિત રાજદેવ, ગુલાબસિંહ ચૌહાણ, અંકલેશ ગોહિલ, રવિ પરબતાણી, રમેશ પરમાર ભુવાના પર્દાફાશ માટે મેટોડા પોલીસ સ્ટેશને પહોંચી ગયા.

મેટોડામાં વિધિ કરવામાં ભુવાએ ત્રણ કલાક મોડું કર્યું. ઘરમાં દાણાની પાટ નાખવામાં આવી અને સાગ્રીતો સાથે ભુવાએ વિધિ શરૂ કરી. પુરાવા આવી જતા મેટોડા પોલીસ સ્ટાફ સાથે જાથાની ટીમ પહોંચી. જાથાના પંડયાએ પરિચય આપી ભુવાને કીધું કાયમી ધતિંગ બંધ કરાવવા આવ્યા છીએ. ભુવા મહેશ અને સાગ્રીતોને પોલીસ સ્ટેશને લાવવામાં આવ્યા.

ભુવો મહેશ વાળાના હોંશકોંશ ઉડી ગયા હતા. તેવામાં ભુવો આંકડાનો જુગાર રમતો હતો. ગોંડલથી આંકડા આવતા હોવાનું બહાર આવ્યું હતું. ભુવાના મોબાઈલમાં ગિરીશ વાળા સહિતના નામો ખુલ્યા હતા. લગ્ન પહેલાનો નગ્ન વિડીયો સામે આવ્યો હતો. સ્મશાનમાં વિધિ-વિધાન કરતો હોવાનું ખુલ્યું હતું. પીડિતાએ બધાની વચ્ચે ભુવાને લાફો માર્યો હતો. મહિલા પોલીસે અટકાવેલ. ભુવાને ખરે સમયે માતાજી કે કોઈ શકિ મદદે આવ્યું ન હતું. ભુવા મહેશ વાળાએ આંકડાનો જુગાર રમતો હોવાનું સ્વીકારી, નગ્ન હાલતમાં વિડીયોની ચોખવટ કરી હતી. પીડિતાના રૂપિયા પરત આપવાની બાંહેધરી આપી હતી. કાયમી ધતિંગલીલાની બંધની ખાત્રી આપી હતી.

કબુલાતનામામાં હું ભુવા મહેશ મનજી વાળા, બાબરીયા મેઈન રોડ, મોરારીનગર-૩ માં રહું છું, રીક્ષા ચલાવું છું. લોકોના દુઃખ-દર્દ મટાડવાનું કામ કરું છું. ધતિંગલીલા બંધની કાયમી જાહેરાત કરું છું. લોકોની માફી માગુ છું.

ભુવા સાથે આવેલા સાગ્રીતો ધીરજ વીરજી બગડા, બ્રિજરાજસિંહ જાડેજા, ધર્મેશ હરેશભાઈ, હરેશ હસમુખ સોલંકીએ માફી માંગી બેઠકમાં દાણા જોવામાં હાજરી આપીશું નહિ તેવી ખાત્રી આપી હતી. વિજ્ઞાન જાથાનો ૧૨૬૪ મો સફળ પર્દાફાશમાં રાજકોટ જિલ્લા પોલીસ વડા, એલઆઈબી, મેટોડા પોલીસ સ્ટેશનનો આભાર માન્યો હતો.

# હીટવેવ સામે એલર્ટ : ગરમીમાં કોલ્ડડ્રિંક્સ પીવા સામે ચેતવણી

## લોકોને ગરમીમાં ચા અને કોફી ટાળવાની અપીલ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

કેન્દ્રીય આરોગ્ય મંત્રાલય હેઠળ કાર્યરત રાષ્ટ્રીય જળવાયુ પરિવર્તન અને માનવ સ્વાસ્થ્ય કાર્યક્રમએ ઠંડા પીણાં અંગે ચેતવણી જારી કરી છે અને લોકોને ગરમીમાં ચા અને કોફી ટાળવાની અપીલ કરી છે. ભારતીય હવામાન વિભાગે રવિવારે ગરમીના મોજા અંગે ચેતવણી જારી કરી છે.



ઓડિશા અને ઝારખંડમાં રેડ એલર્ટ જારી કરવામાં આવ્યું છે, જ્યારે વિદર્ભ, છત્તીસગઢ, તેલંગાણા અને પશ્ચિમ બંગાળમાં પણ ગરમ પવન ફૂંકવાની ચેતવણી જારી કરવામાં આવી છે.

આ ઉપરાંત, દરિયાકાંઠાના આંધ્રપ્રદેશ, કર્ણાટક, સૌરાષ્ટ્ર, કચ્છ અને ગુજરાતના કેટલાક ભાગો માટે યલો એલર્ટ જારી કરવામાં આવ્યું છે. જેને ધ્યાનમાં રાખીને, ગડઈઈઈઈ એ રાજ્યોને જણાવ્યું છે કે, લોકોને બપોરે ૧૨ થી ૩ વાગ્યા સુધી સૂર્યપ્રકાશના સીધા સંપર્કમાં આવવાનું ટાળવા માટે જાગૃત કરવા જોઈએ.

આ સાથે, તેમને ચા, કોફી અને ઠંડા પીણાં પીવાથી થતા નુકસાન વિશે પણ જણાવવું જોઈએ જેથી તેમને શરીરમાં પાણી ઓછું થવાની સમસ્યાનો સામનો ન કરવો પડે.

ગડઈઈઈઈ ના વરિષ્ઠ અધિકારી ડો. આકાશે જણાવ્યું હતું કે, ડિહાઈડ્રેશન શરીરની ક્ષમતાને મર્યાદિત કરી શકે છે અને ગંભીર સ્વાસ્થ્ય સમસ્યાઓનું કારણ બની શકે છે. મોટાભાગના લોકો જાણતા નથી કે ઠંડા પીણાં જે તેમને ઠંડા રાખવાનો દાવો કરે છે તે પણ ખૂબ જોખમી હોઈ શકે છે. આ જ કારણ છે કે લોકોમાં જાગૃતિ લાવવાની અને તેમને તેમના રોજિંદા જીવન સાથે સંબંધિત નાની-નાની બાબતો વિશે જાગૃત કરવાની જરૂર છે. દિલ્હી સ્થિત મેક્સ હોસ્પિટલના સિનિયર ડોક્ટર વિવેક કુમારના મતે ગરમીના મોજા દરમિયાન કાર્બોરેટેડ સોફ્ટ ડ્રિંક્સ ટાળો. તેને પીવાથી ઝડપથી પરસેવો થાય છે, જેનાથી શરીરમાં પાણીની ઉણપ વધે છે. તેના બદલે સાદું પાણી પીવો.

## ગુજરાત હાઈકોર્ટે રાજ્ય શૈક્ષણિક સેવા ટ્રિબ્યુનલના કાર્યની લાંબી કાર્યવાહી પર અહેવાલ માગ્યો

ગુજરાત હાઈકોર્ટે રાજ્ય શૈક્ષણિક સેવા ટ્રિબ્યુનલના કાર્યકાળ અને તેની સમસ્યાઓ અંગે ચિંતા વ્યક્ત કરીને રજિસ્ટ્રાર જનરલ અને શિક્ષણ વિભાગના મુખ્ય સચિવને અહેવાલ સોંપવાનો આદેશ આપ્યો છે. પક્ષકારોએ ટ્રિબ્યુનલના કામકાજ, ઈઈઝટ કેમેરાની ગેરહાજરી અને વર્ચ્યુઅલ સુનાવણીની સુવિધાના અભાવને કારણે લાંબી ચાલતી કાર્યવાહીઓનો મુદ્દો ઉઠાવ્યો હતો. ન્યાયમૂર્તિ એ.એસ. સુપેહિયા અને ન્યાયમૂર્તિ નિશા ઠાકોરની ડિવિઝન બેન્ચે જણાવ્યું, નસ્ત્રપક્ષકારોના વકીલોએ ટ્રિબ્યુનલના કાર્યકાળ અંગે ગંભીર મુદ્દાઓ ઉઠાવ્યા છે. અમે શિક્ષણ વિભાગના મુખ્ય સચિવ, ગાંધીનગરને ટ્રિબ્યુનલના પ્રિસાઈડિંગ ઓફિસરના કામકાજનો અહેવાલ આ કોર્ટ સમક્ષ રજૂ કરવા આદેશ આપીએ છીએ. ગુજરાત હાઈકોર્ટના રજિસ્ટ્રાર જનરલને પણ ટ્રિબ્યુનલના રજિસ્ટ્રાર પાસેથી માહિતી મેળવી અહેવાલ રજૂ કરવા જણાવાયું છે. સચિવ અને રજિસ્ટ્રારને હિતધારકોના નિવેદનો નોંધવાની છૂટ છે. આ અહેવાલ આગામી સુનાવણીની તારીખ સુધીમાં રજૂ કરવાના રહેશે. આ અપીલ સિંગલ જજના આદેશ સામે દાખલ કરવામાં આવી હતી, જેમાં ટ્રિબ્યુનલને તમામ અરજીઓ ૩૧ જુલાઈ સુધીમાં નિર્ણય લેવાની મુદત આપવામાં આવી હતી. અપીલકર્તાના વકીલે દલીલ કરી કે સિંગલ જજે સમાન મુદ્દે અરજી નિર્ણય માટે ૩૦ એપ્રિલની તારીખ નક્કી કરી હતી, તેથી ૩૧ જુલાઈને બદલે ૩૦ એપ્રિલ કરવી જોઈએ.

# રાજકોટ જિલ્લા પંચાયતના પદાધિકારીઓની કચેરીઓનું જૂની કોર્ટ બિલ્ડીંગ ખાતે સ્થળાંતર કરાયું



જિલ્લા પંચાયતનાં તમામ પદાધિકારીઓ આજ રોજ જૂની કોર્ટ બિલ્ડીંગ,હોસ્પિટલ ચોક, જિલ્લા પંચાયત ભવન ખાતે સ્થળાતર કરાયેલ આ પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખ પ્રવિણાબેન સંજયભાઈ રંગાણી,ઉપપ્રમુખ રાજુભાઈ ડાંગર, આરોગ્ય સમિતિ ચેરમેન લીલાબેન ઠુંમર,સદસ્ય પ્રતિનિધિ મુકેશભાઈ તોગડીયા, નાથાભાઈ વાસાણી વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

# અમદાવાદમાં ગુજરાત ફુટબોલ એશોશીએશનની કારોબારીની બેઠક યોજાઈ

**મુખ્ય સમાચાર,અમદાવાદ**

૧૩/૦૩/૨૫ ગુજરાત સ્ટેટ ફૂટબોલ એસોસિએશન (GSFA)ની કાર્યકારી સમિતિની બેઠક આજે અમદાવાદના પ્રતિષ્ઠિત એલિસબ્રિજ જિમખાના ખાતે આયોજિત કરવામાં આવી હતી. આ બેઠકનું અધ્યક્ષત્વ GSFAના પ્રમુખ પરિમલ નાથવાણીએ કર્યું હતું, જેમાં સચિવ મુલરાજસિંહ ચુડાસમા, ઉપપ્રમુખ પ્રદીપસિંહ વાઘેલા, જીગ્નેશ પાટીલ, ગુણવંતભાઈ ડેલાવાલા, હનીફભાઈ જિનવાલા અને સમિતિના અન્ય માનનીય સભ્યોએ ભાગ લીધો હતો.

બેઠક દરમિયાન ગુજરાતમાં ફૂટબોલના વિકાસ અને પ્રોત્સાહન પર ખાસ ચર્ચા કરેલ અમદાવાદ માં ગુજરાત ફુટબોલ એશોશીએશન ની કારોબારી ની મીટીંગ થયેલ તેમાં કારોબારી ના સભ્યો હાજર રહેલ.

એલિસબ્રિજ જિમખાના, અમદાવાદ ખાતે ગુજરાત સ્ટેટ ફૂટબોલ એસોસિએશનની કાર્યકારી સમિતિની બેઠક આયોજિત બેઠક દરમિયાન ગુજરાતમાં ફૂટબોલના વિકાસ ની ચર્ચા કરી હતી.



# કુવરજીભાઈ બાવળીયાના હસ્તે વિંછીયા તાલુકાના રૂપાવટી ગામે રૂ. ૧.૧૭ કરોડથી વધુના ખર્ચે નવા ચેકડેમ ખાતમુહૂર્ત કરાયું



**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટ જિલ્લાના વિંછીયા તાલુકાના રૂપાવટી ગામે પાણી પુરવઠા, જળ સંસાધન બાબતોના મંત્રી કુવરજીભાઈ બાવળીયાના હસ્તે ગોમા નદી ઉપર રૂ. એક કરોડ, સત્તર લાખ, તેર હજારના ખર્ચે ખેડૂતોને ખેતરમાં અવર-જવર કરવા નવો ચેકડેમ કમ કોઝવે બનાવવા કામનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. રૂપાવટી ગામમાંથી પસાર થતી ગોમા નદી ઉપર આશરે ૬૫ મી. લંબાઈમાં કોંક્રીટનો ચેકડેમ કમ કોઝવે બાંધવાથી કુલ કેચમેન્ટ એરીયા ૯૩.૦૦ ચો.કિમી. જેટલો રહેશે તથા ઉપરવાસમાં આશરે ૪૦૦ મીટર જેટલો પાણીનો ભરાવો થવાથી ૬૦ લાખ લીટર પાણીનો સંગ્રહ થશે. સિંચાઈના લાભ સાથે રૂપાવટી ગામના લોકો માટે અવર-જવર કરવા ચેકડેમની સાથે કોઝવેનો લાભ મળશે અને વધુમાં ગામની આશરે ૩૦ હેક્ટર ખેતીલાયક જમીનને સિંચાઈનો પ્રત્યક્ષ અને પરોક્ષ લાભ મળી શકશે. આ ઉપરાંત, કુવાઓ ચાર્જ થશે અને જમીનમાં પાણીના તળ ઉંચા આવશે.

આ પ્રસંગે મંત્રી બાવળીયાએ કહ્યું હતું કે, રૂપાવટી ગામ ખાતે ચેકડેમ-કમ-કોઝવે બનવાથી કોટડાથી સીધો રૂપાવટી ગામનો રોડ એક સરખો થઈ જશે અને ખોડીયાર મંદિર સુધી તેને લંબાવવામાં આવશે. ભડલી - સરતાનપરના સરોવરોમાં સૌની યોજનાનું પાણી આવ્યું છે. ગત વર્ષે આખા વિસ્તારમાં મશીન થકી ડિપનીંગનું કાર્ય કરવામાં આવ્યું હતું. થોરીયાળીમાં પણ એક ચેક ડેમ મંજૂર કરવામાં આવ્યો છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ શરૂ કરાવેલી અને મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન અન્વયે કાર્યરત નલ્સૌની યોજનાથથ થકી જસદણ વિંછીયા તાલુકો નવપલ્લવિત થઈ રહ્યો છે. શિયાળુ પાક સારો રહ્યો વરસાદ પણ સારો રહ્યો જેથી ખેડૂતોની આવક આ વર્ષે બમણી થઈ રહી છે. જસદણ અને વિંછીયામાં શિક્ષણની સગવડત અને આરોગ્યની વ્યવસ્થા થઈ રહી છે અને વિંછીયામાં આઈ.ટી.આઈ તથા જી.આઈ.ડી.સી.ની સુવિધા ઉપલબ્ધ થતાં આ વિસ્તારના લોકો ઘરઆંગણે જ રોજગારી મેળવી શકશે. આ તકે રૂપાવટી, પીપળીયા ઉપરાંત નજીકના વિસ્તારના ગામોના સરપંચઓ આગેવાનઓ તથા મહાનુભાવો વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# વિશ્વનું પ્રથમ અને એકમાત્ર જૈન અન્નક્ષેત્ર સદાવ્રત કાલાવડમાં અવિરત ચાલી રહ્યું છે. : સદગુરુદેવ પારસમુનિ

**મુખ્ય સમાચાર, ગોંડલ**

ગોંડલ સંપ્રદાયનાં મહામંત્ર પ્રભાવક પૂ. ગુરૂદેવ શ્રી જગદીશમુનિ મ.સા.નાં સુશિષ્ય પરમ પૂજ્ય સદગુરૂદેવ શ્રી પારસમુનિ મ.સા. સાધના અર્થે ૨૫૦ વર્ષ થી વધુ પ્રાચીન દિવ્ય ઊર્જામય ચેતન સમાધિ સ્થાન યતિવર્ય પૂ. શ્રી ગાંગજીવીર ઋષિ સમાધિ મંદિર ની ભૂમિ ઉપર દિવ્ય ફાઉડેશન સંચાલિત દિવ્ય સાધનાલય કાલાવડ (શીતલા) ગુજરાતમાં પધાર્યા ત્યારથી એટલે કે ૧/૩/૨૦૨૨ થી જઅન્નક્ષેત્ર-સદાવ્રત (દિવ્ય પ્રસાદ) નો પ્રારંભ થયો. અઢારે જ્ઞાતિનાં સર્વ વર્ણનાં માનવ માત્ર ત્યાં પ્રસાદ લે છે.

દ્વારિકા જતી પદયાત્રાના આરાધક પદયાત્રીઓ દિવ્ય પ્રસાદનો અમૂલ્ય લાભ આપી રહ્યા છે. વિશ્વનું પ્રથમ અને એક માત્ર જૈનો દ્વારા સંચાલિત અન્નક્ષેત્ર-સદાવ્રત (દિવ્ય પ્રસાદ) જે માનવ માનવ વચ્ચેની સાંકળ બની રહ્યું છે.

નાત-જાતનાં ભેદથી પર થઈ અનેક સાધકો સેવાકાર્યમાં જોડાય છે. દિવ્ય પ્રસાદમાં દ્વારિકા પદયાત્રી સંઘનાં સાધકોને લાડવા, મોહનથાળ, તિખી સેવ, બાજરા નાં રોટલા , ઘઉંની રોટલી , મગ, લીલું શાક , સેવ ટમેટા શાક , આથેલા મરચા, ફ્રાઈમ્સ, છાસ, સોડા, ચા-દૂધ પિરસીને પિરસનારા અને પ્રસાદ લેનાર બંને ધન્યતા અનુભવતા દેખાયા. સદગુરુદેવે આ અવસરે જણાવેલ કે સંપતિનું અનુદાન આપનાર પરમાત્મ સ્વરૂપ છે. ભોજન બનાવનારા પરમાત્મ સ્વરૂપ છે. ભોજન કરનારા પરમાત્મ સ્વરૂપ છે. હું તો નિમિત છું. આપનાર આપે છે. બનાવનાર બનાવે છે. લાભ લેનાર લાભ લે છે. તેમાં મારૂં કાંઈ નથી. નામની આશા વગર દાતાઓ આપે છે. અને તે દાતાનું અન્ન જેનાં ભાગ્યમાં લખલું છે તે પ્રસાદનો લાભ અવશ્ય આપે છે. દિવ્ય સાધનાલયનું નિર્માણ નામ માટે નહિ, સેવા કામ માટે છે. અહંકાર મિટાવવા સાધકો સેવા કાર્યમાં જોડાય છે. અહંકારનાં નાશ વગર અરિહંત સ્વરૂપ પ્રાપ્ત થતું નથી. કલિ કાલ પ્રગટ પ્રભાવી પૂ. ગાંગજીવીર ઋષિ ની પરમકૃપાથી માનવ માત્રને સદભાવ અને સન્માનપૂર્વક વાત્સલ્ય ભાવથી અહીં જ્ઞાતિ જાતિ કે ધર્મ નાં ભેદભાવ થી પર બની ભોજન કરાવવામાં આવે છે. પ્રેમ પૂર્વક કરાવવામાં આવેલ ભોજન જ દિવ્ય પ્રસાદ છે.

તા. ૨ થી ૯ દરમિયાન ૧૫,૦૦૦ થી વધુ દ્વારિકા પદયાત્રાનાં પદયાત્રીઓએ દિવ્ય પ્રસાદનો લાભ લઈ આ કાર્ય પ્રત્યે સદભાવના પ્રગટ કરેલ. દ્વારિકા પદયાત્રી સંઘ ની પદયાત્રામાં જતા સાધકોમાં એવા પાવન અને પવિત્ર આત્માઓ પણ હોય જે ભવિષ્યમાં સંત-મહંત-યોગી -જોગી-જતી-સતી બને.

ગોંડલ સંપ્રદાયમાં વિ. સં. ૧૯૦૭ માં દીક્ષિત થનાર મારવાડનાં રજપૂત જસાજીભાઈ આગળ જતાં ગોંડલ સંપ્રદાયનાં જૈનમૂનિ આચાર્ય પૂ. શ્રી જસાજી સ્વામી બન્યા. જે દ્વારિકા પદયાત્રામાં રાજસ્થાનની નીકળેલ અને તે પદયાત્રી પરમાત્મા માર્ગમાં પરમયાત્રી બની ગયા.

સદગુરુદેવે જણાવેલ કે સદાવ્રત માનવ ને માનવ સાથે જોડવાની મહાસાંકળ છે. માનવ-માનવ પાસેથી જમવાનું મૂલ્ય લે તે યોગ્ય નથી. પ્રેમ અમૂલ્ય છે. પ્રસાદ અમૂલ્ય છે. તેનું મૂલ્ય ન હોય માટે પ્રસાદનું મૂલ્ય લેવામાં આવતું નથી. મૂલ્ય લેવાય તે વેપાર છે. હોટલ, રેસ્ટોરન્ટ કે લોજ માં પૈસાથી જમાડાય, પરમાત્માનાં ધામમાં પૈસા નહી, પ્રેમથી જમાડાય માટે જ ભોજન દિવ્ય પ્રસાદ છે. અત્રે ઉલ્લેખનીય છે કે ત્રણ વર્ષ માં કાલાવડ અન્નક્ષેત્ર માં ૧,૪૫,૦૦૦ ઉપરાંત લોકો નો લાભ પ્રાપ્ત થયો છે. અવિરત ચાલતું અન્નક્ષેત્ર સદાવ્રત અવિરત ચાલતું રહે. માનવમાત્ર ની જઠરાગ્નિ ઠારતુ રહે.

ત્રંબા નાં મનસુખભાઈ દયારામભાઈ વ્યાસ ૮૬ વર્ષ ની ઉંમરે તુલસીજી ગળામાં ધારણ કરી પદયાત્રા કરે છે. છેલ્લા દસ વર્ષથી પદયાત્રા કરી રહ્યા છે.

આ અન્નક્ષેત્ર સદાવ્રત ની ખાસિયત એ છે કે અહીં કંદમૂળ બનતું નથી. અને ક્યાંય ફંડ ફાળો માંગવા જતાં નથી. સામે થી દાન મળે તે જ સ્વીકારાય છે.



## ૧૫૦૦૦ થી વધુ દ્વારિકા જતા પદયાત્રીઓએ લાભ લીધો

દિવ્ય ફાઉન્ડેશન ને આપેલ અનુદાન ની રાશી ૮૦જી અંતર્ગત કર રાહત તેમજ સી. એસ. આર. ફંડ પણ આપી શકો છો. ચાલતું રહે છે. સી. એસ. આર. રજીસ્ટ્રેશન છે.

આ સેવા યજ્ઞમાં ઉદાર દિલ દાતાઓ નામ કે તકતીની ભાવના થી ઉપરત બની સેવા કાર્ય માં પોતાનું અનુદાન આપી શકે છે. દિવ્ય સાધનાલય

યતિવર્ય પૂજ્ય શ્રી ગાંગજીવીર ઋષિ સમાધિ મંદિર,
શિતલામાતા મંદિરની બાજુમાં
કાલાવડ શિતલા, જીલ્લા - જામનગર ૩૬૧૧૬૦
સંપર્ક : ૯૩૨૦૮૬૦૦૧૯

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# મવડી રોડ પર હિટ એન્ડ રનઃ કાર ચાલકે ત્રણ વાહનોને ઠોકરે ચડાવી વૃદ્ધાનો ભોગ લીધો

## માલવીયાનગર પોલીસે અકસ્માત સર્જનાર કાર ચાલક નબીરાને સકંજામાં લીધો




**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટમાં બેકાબુ બનેલા કાર ચાલકે મવડીમાં ત્રણથી વધુ વાહન ચાલકોને હડફેટે લેતાં વૃધ્ધનું ઘટનના સ્થળે જ મોત નિપજયું હતું.જયારે ઈજાગસ્ત કિશોરીને સારવાર અર્થે ખાનગી હોસ્પિ.માં ખસેડાઈ હતી.બનાવના પગલે લોકોના ટોળા એકઠા થયા હતા.અને કાર ચાલક અકસ્માત સર્જી નાશી છુટે તે પુર્વે જ પોલીસે દબોચી લઈ કાર્યવાહી હાથ ધરી હતી. શહેરના મવડી વિસ્તારમાં આવેલ ભારત પેટ્રોલ પંપ પાસે રાત્રીના ૧૦ વાગ્યા આસપાસ જીજે ૦૧ કેએકસ ૫૦૮૦ નંબરની કિયા કારના ચાલકે ૧૦૦ની સ્પીટમાં કાર હંકારી ત્રણથી વધુ વાહન ચાલકોને હડફેટે લેતા વૃધ્ધ અને કાકા-ભત્રીજી ઈજાગ્રસ્ત થયા હતા.બનાવના પગલે લોકોના ટોળા એકઠા થયા હતા.અને ઘટનાની જાણ થત જ માલવીયાનગર પોલીસ મથકના પીઆઈ જીગ્નેશ દેસાઈ સહિતનો સ્ટાફ દોડી જ અકસ્માત સર્જનાર ઋત્વિક રમેશભાઈ પટોળીયાને દબોચી લઈ પોલીસ મથકે લઈ જવાયો હતો.જયારે ઈજાગ્રસ્તોને તાકિદે ૧૦૮ મારફતે ખાનગી હોસ્પિ.માં સારવાર અર્થે ખસેડયા હતા. જયાં ટુંકી સારવાર દરમ્યાન હોસ્પિ.ના બિછાને પ્રફુલભાઈ જેઠાલાલ ઉનડકટ ઉ.૭૦ નામના વૃધ્ધ દમ તોડી દીધો હતો.જયારે આરાધ્યા ધવલભાઈ ડોબરીયા ઉ.૧૨ અને તેના કાકા પિયુષભાઈ બન્ને ગંભીર ઈજા પહોંચી હોવાથી સારવાર હેઠળ રખાયા હતા.

હોસ્પિ.ના બિછાને દમ તોડી દેનાર પ્રફુલભાઈ નામના વૃધ્ધના મૃતદેહને પોલીસે પીએમ અર્થે સિવિલ હોસ્પિ.માં ખસેડયા હતા. પોલીસની પ્રાથમિક તપાસમાં મૃતક વૃધ્ધ નાણાવટી ચોક વિસ્તારમાં રહે છે. અને ગોંડલ રોડ પર આવેલા સદભાવના વૃધ્ધાશ્રમ નીચે તીરૂપતિ ડેરી ફાર્મ ધરાવે છે. રાત્રીના દુકાન બંધ કરી ઘર જતી વેળાએ રસ્તામાં આવતા ભારત પેટ્રોલ પંપ પર પેટ્રોલ પુરાવવા જતા હતા.અને અકસ્માત સર્જાતા જીવ ગુમાવ્યો હોવાનું જાણવા મળ્યું છે.જયારે સારવારમાં રહેલના પિતાએ ધવલભાઈએ જણાવ્યું હતું કે અમો હરિધવા મેઈન રોડ આવેલ રાજલક્ષ્મી સોસાયટી શેરી નં ૯માં રહી છી. અમે મવડીથી ઘરે જતા હતા.અને એ બન્ને આગળ હતા. અમે પાછળ હતા.ત્યારે બનાવ બન્યો હતો.

# ખોડિયારપરા અને કોઠારીયા રોડ પર બે બુટલેગર દારૂ સાથે પકડાયા



**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટમાં પોલીસે વધુ બે સ્થળે દરોડા પાડી રૂ. ૫૯,૮૦૦ની કિંમતની ૯૨ બોટલ દારૂ સાથે ત્રણ શખ્સને ઝડપી લીધા છે.

આ બનાવ અંગે પોલીસમાંથી જાણવા મળતી વિગત મુજબ રાજકોટમાં ભગવતીપરા પુલ પાસે ખોડિયારપરામાં આવેલ મકાનમાં વિદેશી દારૂનો જથ્થો ઉતાર્યો હોવાની બાતમીના આધારે પીસીબીની ટીમે દરોડો પાડયો હતો. દરોડા દરમિયાન પોલીસે જાહિદ હુસેન કુરેશી (રહે. ખોડિયારપરા-ભગવતીપરા પુલ પાસે રાજકોટ) અને જાહિદ યુસુફભાઈ પીરવાડિયા (રહે. આરએમસી ક્વાર્ટર નાણાવટી ચોક ગાંધીગ્રામ રાજકોટ)ને ઝડપી લીધા હતાં અને પોલીસે ઘરની તલાશી લેતા રૂા. ૫૪,૩૧૨ની કિંમતનો ૮૪ બોટલ દારૂ કબ્જે કર્યો હતો.

બીજા દરોડામાં કોઠારિયા રોડ ઉપર બચુબાપા શેરડી વાળાની પાછળ કાચા રસ્તે બાવળની જાળીમાં એક શખ્સ વિદેશી દારૂની બોટલો સાથે ઉભો હોવાની બાતમી મળતા ભક્તિનગર પોલીસે દરોડો પાડયો હતો. દરોડા દરમિયાન પોલીસે સામત ઉર્ફે ધમો રામભાઈ દેશળ (રહે. વિવેકાનંદ નગર કોઠારિયા રોડ રાજકોટ)ને રૂા. ૫૪૮૮ની કિંમતની ૮ બોટલ દારૂ સાથે ઝડપી લીધો હતો. ઉપરોક્ત દરોડામાં ઝડપાયેલા ત્રણેય શખ્સો વિરુદ્ધ પોલીસે ગુના દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# રૂખડિયાપરામાં પોલીસ પર હુમલો કરનાર નામચીન માજીદ ભાણુ એક માસ બાદ ઝડપાયો

## ૧૦ દિવસ પૂર્વે પણ પોલીસમેનોને થાપ આપી નાશી છુટ્યો તો ભીસ્તીવાડમાં લઈ જઈ લોકો વચ્ચે ઉઠક-બેઠક કરાવી માફી મંગાવી



**મુખ્ય સમાચાર,રાજકોટ**

રૂખડિયાપરા વિસ્તારમાં એક માસ પુર્વે પથ્થરમારો કરી નાશી છુટેલા માજીદ ઉર્ફે મજલો ભાણુઆણી ટોળકી ભિસ્તીવાડમાં ધસી આવી હતી ત્યાં તેને ઝડપવા ગયેલા બે પોલીસમેન પર હુમલો કરી પથ્થર મારો કર્યો હતો અને સોડાબોટલના ઘા પણ કર્યા હતાં એટલું જ નહીં પોલીસના બાઈકને તોડી ફોડી પણ નાખ્યું હતું. ત્યારથી માજીદ ભાણુ નાસતો ફરતો હતો તેના સાગરીતોને પોલીસે ઝડપી લીધા હાતં. એક માસથી ફરાર માજીદ પોલીસ માટે પડકાર બની ગયો હતો. તેવા સમયે એસઓજી ટીમે લોકેશન ગોતી માજીદ ઉર્ફે ભાણુને એક માસ બાદ ઝડપી લીધો છે. પ્રધુમન નગર પોલીસ મથક વિસ્તારના પોલીસમેન સાજીદભાઈ અને મયુરસિંહ બન્ને ભિસ્તીવાડમાં પેટ્રોલીંગમાં નિકળ્યા હતા આ અરસામાં માજીદભાણુ આણી ટોળકીએ રૂખડિયાપરામાં ખેલ કર્યા હતાં. ત્યાંથી ભિસ્તીવાડમાં આવી હોય તેવી માહિતી મળતા બન્ને પોલીસમેન ઉર્ફે ભાણુઆણી ટોળકીની શોધખોળ શરૂ કરી હતી. તે અરસામાં ટોળકી જોવા મળતા આ ટોળકીએ બન્ને પેલીસમેન પર પથ્થરમારો કર્યો હતો. સોડાબોટલના ઘા પણ કર્યા હતાં. આથી સ્થળ પર પોલીસના ધાડેધાડા ઉતારી દેવાયા હતાં. છતાં માજીદ ભાણુ હાથ લાગ્યો ન હતો. સતત પોલીસની ટીમો માજીદને શોધી રહી હતી. ત્યારે માજીદ તેના ફોનના સ્ટેટસમાં પોલીસને પડકારરૂપ મેસેજ મુકતો હતો. છતાં પોલીસને માજીદનું લોકેશન મળતું ન હતું. તાજેતરમાં રાજયના પોલીસવડા વિકાસ સહાયએ ગુનેગારો પર તુટી પડવા અને જે નાસતા ફરે છે તેઓને ત્વરીત દબોચી લેવા આદેશ કર્યા છે. જેના અનુસંધાને એસઓજી પીઆઈ એસએમ જાડેજા, પીએસઆઈ માજી રાણા સહિતનો કાફલો માજીદ ભાણુની શોધખોળમાં પડી ગયો હતો. દરમિયાન ભિસ્તીવાડમાં લોકેશન મળતા એસઓજીની ટીમે માજીદ ભાણુને દબોચીલઈ ખોખરો કરી નાખ્યો હતો. આમ એક માસ બાદ ખુંખાર આરોપી માજીદને ઝડપવામાં પોલીસને સફળતા સાપડી હતી. આ શખ્સને પહેલા કાયદાનું ભાન કરાવાયું હતું ત્યાર બાદ જે વિસ્તારમાં તે ધાક જમાવતો હતો તે વિસ્તારમાં લઈ જઈ તેનું સરઘસ કાઢવામાં આવ્યું હતું અને ઘટનાનું રિકન્ટ્રકશન કરાવવામાં આવ્યું હતું. તે સમયે લોકોના ટોળે ટોળા ઉમટી પડયા હતાં. આ સમયે એસઓજીની ટીમ દ્વારા માજીદ ભાણુને ઉઠક-બેઠક કરાવી તમામ વિસ્તારવાસીઓની માફી મંગાવી હતી.

# મોબાઈલમાં સ્ટેટસ મુકવા મુદ્દે ઝઘડો થતા કૌટુંબિક ભાઈની હત્યા કરતો ભાઈ

## રાજકોટના વડાળી ગામે ઝઘડો થયા બાદ અન્ય યુવાને છુટા પાડ્યા હતા, આરોપી ઘરેથી છરી સાથે ફરી ધસી આવ્યોને જીવલેણ ઘા ઝીંકી દીધો



**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટના વડાળી ગામે રાત્રિના સમયે બે કૌટુંબિક ભાઈ મોબાઈલમાં સ્ટેટસ જોતા હતા ત્યારે સ્ટેટસ જોવા મુદે બન્ને વચ્ચે ઝઘડો થયો હતો. ઝઘડામાં અન્ય યુવાને વચ્ચે પડી

બન્નેને અલગ પાડ્યા હતા. ઘરે ગયેલો શખ્સ છરી સાથે ફરી ધસી આવ્યો હતો અને કૌટુંબિક ભાઈને પડખાના ભાગે છરીનો ઘા ઝીંકી દીધો હતો. હુમલામાં ગંભીર રીતે ઘવાયેલા યુવાનને સારવાર મળે તે પહેલા જ મૌત નિપજતાં બનાવ હત્યામાં પલટાયો હતો. યુવકના મોતથી પરિવારમાં અરેરાટી સાથે શોકની લાગણી પ્રસરી જવા પામી છે.

આ અંગે વિગત મુજબ, રાજકોટ તાલુકાના વડાળી ગામે રહેતો ભારત નાગજીભાઈ મુછડીયા નામનો ૩૨ વર્ષનો યુવાન રાત્રીના સાડા આઠેક વાગ્યાના અરસામાં પોતાના ગામમાં હતો ત્યારે કૌટુંબિક ભાઈ અજયે ઝઘડો કરી છરી વડે હુમલો કરી પડખાના ભાગે છરીનો ઘા ઝીંકી દીધો હતો. હુમલામાં ગંભીર રીતે ઘવાયેલા ભરત મુછડીયાને તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યાં તેની સારવાર કારગત નિવડે તે પૂર્વે જ મોત નિપજતાં બનાવ હત્યામાં પલટાયો હતો. યુવકના મોતથી પરિવારમાં અરેરાટી સાથે ગમગીની છવાઈ જવા પામી છે. આ ઘટના અંગે જાણ થતાં આજીડેમ પોલીસ મથકનો સ્ટાફ અને એલસીબી ઝોન-૧ સહિતના ઉચ્ચ અધિકારીઓ ઘટના સ્થળે અને સિવિલ હોસ્પિટલ ખાતે દોડી ગયા હતા. પ્રાથમિક પૂછપરછમાં મૃતક ભરત મુછડીયા માતાનો આધારસ્તંભ અને બે બહેનોનો એકનો એક ભાઈ હતો. ભરત મુછડીયાને સંતાનમાં બે પુત્ર છે. ભરત મુછડીયા અને તેનો કૌટુંબિક ભાઈ અજય મોબાઈલમાં સ્ટેટસ જોતા હતા. તે દરમિયાન બન્ને વચ્ચે સ્ટેટસ જોવામાં બોલાચાલી થતાં લાલા નામનો વ્યક્તિ વચ્ચે પડયો હતો અને બન્નેને છુટ્ટા પાડયા હતા. બાદમાં અજય છરી સાથે ધસી આવ્યો હતો અને ભરત મુછડીયાને પડખાના ભાગે છરીનો જીવલેણ ઘા ઝીંકી દેતા મોત નિપજ્યું હોવાનું જાણવા મળ્યું છે. આ બનાવ અંગે આજીડેમ પોલીસે ફરિયાદ નોંધવાની તજવીજ હાથ ધરી આરોપીને ઝડપી લેવા ચક્રો ગતિમાન કર્યા છે.

# ઈન્ટ્રાગ્રામમાં મહિલા સાથે ચેટીગ કરવા મુદ્દે ખુની હુમલામાં ઘવાયેલા યુવાને સારવારમાં દમ તોડ્યો

- યુવાન પર બે શખસોએ કુહાડી અને ધોકાથી હુમલો કર્યો'તોઃ પરિવારે મૃતદેહ સ્વિકારવાની ના કહેતા પોલીસે બે શખસોને ઝડપી લેતા મામલો થાળે પડયો

**મુખ્ય સમાચાર,રાજકોટ**

શાપર રહેતા યુવાન પર પરિણીતા સાથે ચેટીંગ કરવાનાં મુદે બે શખ્સોએ ઘાતક હુમલો કરતા રાજકોટ ખાતે સારવાર દરમિયાન યુવાનનું મોત નિપજયુ હતુ. યુવાનનાં પરીવાર દ્વારા જ્યાં સુધી હુમલાખોરો ન ઝડપાઈ ત્યાં સુધી મૃતદેહ સ્વિકારવાની ના કહેતા પોલીસમાં દોડધામ મચી જવા પામી હતી. રૂરલ એલસીબીએ બે શખસોને રાતોરાત દબોચી લેતા મામલો થાળે પડયો હતો.

આ અંગેની માહિતી મુજબ શાપર રહેતા રાજ ખીમાભાઈ પરમાર ઉ.૨૮ ને ગોંડલની પરણીતા સાથે ઈન્ટ્રાગ્રામ દ્વારા પરિચય થતા બન્ને ચેટીંગ કરતા હતા.દરમિયાન પરણીતાનાં પતિ અલ્પેશ ઉર્ફે અપ્પુ હરેશભાઈ રાઠોડ ને જાણ થતા આ અંગે પરણીતાને ઠપકો આપતા ચેટીંગ બંધ કરી દિધુ હતુ. ગત તા.૧૧ નાં અલ્પેશ ઉર્ફે અપ્પુ પરણીતાને લઈ બાઈક ઉપર ઘોઘાવદર દર્શન કરવા ગયો હતો.ત્યાં બસસ્ટેન્ડ પાસે રાજ પરમાર ઉભો હોય ફરી ચેટીંગની વાત થતા અલ્પેશ તથા તેની સાથે રહેલો મીહીર ખિમસુરીયા રાજ ને લઈ ચેટીંગ મુદે વાત કરવા ઘોઘાવદર થી થોડે દુર રૂપાવટીનાં રસ્તે ભૈરવદાદાનાં પુલ નજીક લઈ ગયા હતા.જ્યાં રાજ સાથે અલ્પેશ ઉર્ફે અપ્પુ એ ઉગ્ર બોલાચાલી કરી બાદ માં અલ્પેશ તથા મિહિરે કુહાડી અને ધોકા વડે રાજ પર હુમલો કર્યો હતો. બાદમાં બન્ને નાશી છુટયા હતા.બીજી બાજુ ગંભીર હાલત માં ઘવાયેલા રાજ ને પ્રથમ ગોંડલ તથા બાદમાં રાજકોટ સારવાર માટે ખસેડાયો હતો.

જ્યાં સારવાર દરમિયાન તેનુ મોત નિપજયુ હતુ. પોલીસે પરણીતાની ફરિયાદ લઈ અલ્પેશ ઉર્ફે અપ્પુ રાઠોડ તથા મિહિર સામે ગુન્હો નોંધી આરોપીઓ ની શોધખોળ કરી હતી.દરમિયાન પીએમ બાદ મૃતક યુવાન નાં પરીવારે જ્યાં સુધી આરોપીઓ ના ઝડપાયેલ ત્યાં સુધી મૃતદેહ સ્વીકારવાની નાં કહેતા પોલીસ તંત્ર માં દોડધામ મચી જવા પામી હતી.આખરે રૂરલ એલસીબીએ ગત રાતે બન્ને આરોપીઓને સકંજામાં લઈ કાર્યવાહી હાથ ધરી છે.

# હત્યાના ગુનામાં ૧૧ વર્ષથી વોન્ટેડ શખ્સને પોલીસે વેશપલ્ટો કરી તમીલનાડુથી દબોચી લીધો

- ક્રાઈમ બ્રાંચની ટીમે ત્રણ દિવસ સુધી વાસણના ફેરિયા, નાળિયેરના વેપારી બની ચોકસાઈ કર્યા બાદ ઓપરેશન પાર પાડ્યું



**મુખ્ય સમાચાર,રાજકોટ**

ગોકુલધામ પાસે આવેલા સમ્રાટ ઈન્ડસ્ટ્રીઝ એરિયામાં ૧૧ વર્ષ પૂર્વે ૨૦૧૪માં હત્યાનો બનાવમાં સંડોવાયેલો શખ્સ ફરાર થઈ જતાં ૧૧ વર્ષથી વોન્ટેડ હતો. જે શખ્સ તમિલનાડુ ના તિરુનેલવેલી ખાતે હોવાની માહિતી મળતા ક્રાઈમ બ્રાંચની એક ટીમ તમિલનાડુ દોડી ગઈ હતી. ત્યાં સતત ત્રણ દિવસ સુધી વેશપલ્ટો કરી આરોપીની ઓળખ મેળવી દબોચી લેવામાં આવ્યો હતો. આમ ક્રાઈમ બ્રાંચે ૧૧ વર્ષથી વોન્ટેડ શખ્સને ઝડપી લઈ કાબીલેદાદ કામગીરી કરી હતી.

જાણવા મળતી વિગતો મુજબ શહેરના ગોકુલધામ વિસ્તારમાં સમ્રાટ ઈન્ડસ્ટ્રીઝ એરિયાની અંદર વીનીત એન્જિનિયરીંગ નામના કારખાનાની બહાર કોઈ બાબતે ઝઘડો થતાં તમિલનાડુના તિરુનેલવેલી ગામના રહેવાસી અને રાજકોટમાં ભાડાની ઓરડીમાં રહી મજુરી કામ કરતા ગોવિંદ કાલુરામ ખાન ઉ.વ.૪૫ નામના શખ્સે હત્યા નિપજાવી હતી. હત્યા કર્યા બાદ આરોપી ગોવિંદ રાજકોટ છોડી ભાગી છુટ્યો હતો. માલવિયાનગર પોલીસે તા. ૫/૩/૨૦૧૪ના રોજ હત્યાનો ગુનો દાખલ કરી આરોપીની શોધખોળ કરી હતી. છતાં તેનો કોઈ પતો મળ્યો ન હતો. ૧૧ વર્ષથી આ શખ્સ વોન્ટેડ હોય તાજેતરમાં રાજ્યના પોલીસવડા વિકાસ સહાયએ દદ્ધારા વોન્ટેડ શખ્સોને શોધી કાઢવા તમામ જિલ્લા પોલીસને સુચના અપાઈ હોય તેના આધારે પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, ડી.સી.પી. પાર્થરાજસિંહ ગોહિલ તથા એસીપી બસિયાની સુચનાથી સમ્રાટ ઈન્ડસ્ટ્રીઝ એરિયાના હત્યાના બનાવ અંગે તપાસ કરી શરૂ કરી હતી. તેમાં ગોવિંદ કાલુરામ ખાન હાલ તેના વતન તિરુનેલવેલી ખાતે હોવાની માહિતી મળતા ક્રાઈમ બ્રાંચના પી.આઈ. ગોંડલિયાની સુચનાથી એએસઆઈ જલદીપસિંહ, હેડ કોન્સ્ટેબલ સુભાસભાઈ ઘોઘારી તથા પોલીસ કોન્સ્ટેબલ મહાવીરસિંહ ચુડાસમા અને સંજયભાઈ ખાખરિયા સહિતનાઓ તિરુનેલવેલી ખાતે દોડી ગયા હતાં.

ત્યાં જઈ ક્રાઈમ બ્રાંચના સ્ટાફે વાસણ વેચનાર ફેરિયા અને-નાળિયેરના વેપારીનો વેશ ધારણ કરી આરોપીના વિસ્તારમાં તપાસ શરૂ કરી હતી. સતત ત્રણ દિવસ સુધી તપાસ કર્યા બાદ આરોપી ગોવિંદ ખાનની ભાળ મળી હતી. આથી તુરંત તેને ક્રાઈમ બ્રાંચના સ્ટાફે દબોચી લીધો હતો અને રાજકોટ ખાતે લવાયો હતો. આમ ક્રાઈમ બ્રાંચના સ્ટાફે કાબીલેદાદ કામગીરી કરી હતી.

# યોગેશ્વર સોયાટીમાં યુવાને ગળેફાંસો ખાઈ જીંદગીથી છેડો ફાડયો

## હોડથલી ગામે કુવામાં પટકાયેલા પ્રૌઢનું મોત

યોગેશ્વર સોયાટીમાં રહેતા સોની મનાઈભાઈગુપ્તા નામનો ૨૪વર્ષનો યુવાન પોતાના ઘરે હતો ત્યારે રાત્રીના આઠેક વાગ્યાના આરસામાં કોઈ અગમ્ય કારણસર ગળેફાંસો ખાઈ લીધો હતો. યુવકને બેભાન હાલતમાં તાત્કાલીક સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યાં ફરજપરના તબીબે જોઈ તપાસી નિષ્પ્રાણ જાહેર કરતા પરિવારમાં શોકનીલાગણી પ્રસરી હતી. બીજા બનાવમાં રાજકોટ તાલુકાના વડથલી ગામે રાજેશભાઈ પરમાર નામના ૪૫ વર્ષના પ્રૌઢ અકસ્માતે કુવામાં પડી ગયા હતાં. કુવામાં પટકાયેલા પ્રૌઢનું મોત નિપજતાં પરિવાર શોકમાં ગરકાવ થઈ ગયો હતો. ઉપરોક્ત બન્ને બનાવ અંગે પોલીસે નોંધ કરી યુવક અને પ્રૌઢના મોતનું કારણ જાણવા તપાસનો દૌર લંબાવ્યો છે.

# જય શક્તિ સોસાયરીમાં રાજકોટમાં ચાવી બનાવવા આવેલો શખ્સ ૬૦ હજારની રોકડ લઈ ફરાર

## રૂ.રાખેલ પેટીની ચાવી ખોવાઈ જતાં વૃદ્ધાએ નવી ચાવી બનાવવા શખ્સને બોલાવ્યો તોઃ તસ્કરતી શોધખોળ

રાજનગર ચોક નજીક જય શક્તિ સોસાયટીમાં રહેતા વૃદ્ધાએ રોકડ રૂપિયા ભરેલી પેટીના તાળાની ચાવી ખોવાઈ જતાં અજાણ્યા શખ્સને ચાવી બનાવવા માટે ઘરે બોલાવ્યો હતો. ચાવી બનાવવા આવેલા શખ્સે વૃદ્ધાને અન્ય કામ ચીંધી પેટીમાં રહેલી રોકડ રૂપિયા ૬૦ હજાર લઈ નાશી છુટ્યો હોવાની પોલીસ દફ્તરે ફરિયાદ નોંધાઈ છે. આ અંગે વિગત મુજબ નાનામૌવા રોડ ઉપર રાજનગર ચોકની બાજુમાં આવેલી જયશક્તિ સોસાયટીમાં રહેતા સવીતાબેન મોહનલાલ મકવાણા નામના ૬૩ વર્ષના વૃદ્ધાએ માલવિયાનગર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે કે, ગત તા. ૨ માર્ચના રોજ સવિતાબેન મકવાણા અને તેમના પતિ મોહન લાલ મકવાણા પોતાના ઘરે હતા તે દરમિયાન સવિતાબેન મકવાણા લોખંડની પેટીમાં રાખેલ રૂ. ૬૦ હજાર લેવા જતાં ચાવી મળી ન હતીં. જેથી શેરીમાં ચાવી બનાવવા આવેલા બે અજાણ્યા શખ્સોને સવિતાબેન મકવાણાએ પોતાના ઘરે ચાવી બનાવવા બોલાવ્યા હતાં. જે દરમિયાન અજાણ્યા શખ્સોએ સવિતાબેનને અન્ય કામે મોકલી પેટીનું તાળુ ખોલી તેમાં રહેલી રૂ. ૬૦ હજારની રોકડ લઈ નાશી છુટ્યા હોવાની પોલીસ દફતરે ફરિયાદ નોંધાવી છે. આ અંગે માલવિયાનગર પોલીસે વૃદ્ધાની ફરિયાદ નોંધી તસ્કરોને ઝડપીલેવા ચક્રોગતિમાન કર્યાછે.

# રેસકોર્ષ પાસે ૩.૪૬૭ કિ.ગ્રા ગાંજાના જથ્થા સાથે શખ્સ ઝડપાયો

- માદક પદાર્થ મોબાઈલ અને રોકડ મળી ૪૬,૮૭૦નો મુદ્દામાલ જપ્ત



**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટમાં રેસકોર્સ ગ્રાઉન્ડ પાસે જાહેરમાં ૩.૪૬૭કિ.ગ્રા. ગાંજાના જથ્થા સાથે ઉભેલા શખ્સને ઝડપી લીધો હતો. પોલીસે માદકપદાર્થ, મોબાઈલ અને રોકડ મળી રૂા. ૪૬,૮૭૦નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

રાજકોટમાં પોલીસનીસ અધિકારી દ્વારા નશાકારક દ્રવ્યોની હેરાફેરી કરતા શખ્સોને ઝડપી લેવા આપવામાં આવેલી સુચનાને પગલે પ્રનગર પોલીસ મથકના પીઆઈ વી.આર. વસાવાની રાહબરીમાં સર્વેલન્સ સ્ટાફના પીએસઆઈ આઈએ બેલીમ સહિતની ટીમ પેટ્રોલીંગમાં હતી તે દરમિયાન બાતમી મળી હતી કે, રેસકોર્સ ગ્રાઉન્ડ પાસે એક શખ્સ માદકપદાર્થના જથ્થા સાથે ઉભો છે બાતમીના આધારે પોલીસે દરોડો પાડી નરસી મુળજી નાગર (રહે નાણાવટી ચક ગાંધીગ્રામ સોસાયટી ૧૫૦ ફૂટ રીંગ રોડ રાજકોટ)ને ઝડપી લીધો હતો. પોલીસે તેની પાસે રહેલ રૂા. ૩૪,૬૭૦ની કિંમતનો ૩.૪૬૭ કિ.ગ્રા. ગાંજો, ૧૦ હજારની કિંમતનો મોબાઈલ અને રૂા. ૨૨૦૦ની રોકડ મળી રૂા. ૪૬,૮૭૦નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. પોલીસે ઝડપાયેલા શખ્સ સામે ગુનો નોંધી ગાંજાનો જથ્થો ક્યાંથી અને કોના માટે લાવ્યો હોવાની પુછપરછ હાથ ધરી છે.

# ભગવતીપરામાં મિત્રએ બુલેટ આપવાની ના કહેતા મિત્રએ ઝીંક્યા છરીના ઘા

**મુખ્ય સમાચાર,રાજકોટ**

ભગવતીપરા મેઈન રોડ પર આવેલા સલૂનના સંચાલકે મિત્રને બુલેટ આપવાની ના પાડતા જ છરીના ત્રણ ઘા ઝીંકી દેવાયા હતા. ઘટના બાદ તરફડીયા મારતા યુવકને ત્યાંથી પસાર થઈ રહેલા તેના ભાણેજે હોસ્પિટલે ખસેડવામાં આવ્યો છે જ્યાં તબીબોએ તેની હાલત નાજુક હોવાનું જણાવ્યુ હતું.

ભગવતીપરા શેરી નં ૯ માં રહેતા ઉમેશ જગદીશભાઈ પરમાર નામના યુવકે બી ડિવિઝન પોલીસ મથકમાં આરોપી તરીકે પારસ અગ્રાવત અને તેના કાકા હરેશ અગ્રાવત વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા જણાવ્યું હતું કે, શનિવારે રાત્રિના પોણા નવ વાગ્યા આસપાસ પોતે ભગવતીપરા મેઈન રોડ પરથી પસાર થઈ રહ્યો હોય ત્યારે અહીં રોડ પર તેને કૌટુંબિક મામા મહેશ બટુકભાઈ વાઘેલા (ઉ.વ. ૩૮) પડ્યા હોય અને તેમના પેટના ભાગે તેમજ હાથમાંથી લોહી વહેતું હોય જેથી તત્કાલિક નજીક આવેલ રાબડિયા ક્લિનિક બાદ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા રસ્તામાં ઈજાગ્રસ્ત મહેશે ભાણેજ ઉમેશને જણાવેલ કે, પોતે ભગવતી પરા સ્વામિનારાયણ ડેરી બાજુમાં આવેલી શિવ શક્તિ હેર આર્ટ નામની પોતાની દુકાનની બહાર ઊભો હતો ત્યારે મિત્ર પારસ અગ્રાવત અહીં આવ્યો અને બુલેટ માંગી બદલામાં એક્ટિવા આપવાનું કહ્યું હતું જેથી

મહેશે ના પાડતા ઉશ્કેરાઈ જઈને ત્યાંથી ચાલ્યો ગયો હતો. ત્યારબાદ આરોપી પારસ પોતાના કાકા હરેશ અગ્રાવત સાથે આવી ઝઘડો કરી તું કેમ હમણાં બુલેટ આપવાની ના પાડે છેથ તેવું કહી જેમફાવે તેમ ગાળો ભાંડવા લાગેલ યુવકે ગાળો દેવાની ના પાડતા આરોપી હરેશે તેને પકડી પારસે પોતાના નેફામાંથી છરી કાઢી એક ઘા પેટમાં તેમજ બે ઘા હાથમાં ઝીંકી દીધા હતા. ઘટના બાદ દેકારો થતાં બંને આરોપીઓ ત્યાંથી નાશી છૂટયા હતાં. બનાવને પગલે બી ડિવિઝન પોલીસે ગુનો નોધી આરોપી સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# એકતા સોસાયટીમાં બેલડીએ કિન્નરની કારમાં કરી તોડફોડ

## ૧૮ દિ' પહેલાં હોમગાર્ડને ભાઈસાહબ બાપા કરાવી ચાર મકાન-વાહનમાં તોડફોડ કરી 'તી

રાજકોટમાં ગુનેગાર બેલડી કે જેણે ૧૮ દિવસ પહેલાં હોમગાર્ડના ગળે છરી મુકી ભાઈસાહબ બાબા કરાવ્યા તો એ જ રાત્રે ચાર જેટલા મકાન અને વાહનમાં તોડફોડ કર્યા બાદ બન્નેને પોલીસે પકડી લીધા હતા. જો કે આ બન્ને જેવા છૂટ્યા કે સુધરવાની જગ્યાએ વધુ એક ગુનાને અંજામ આપી કિન્નરની ગાડીમાં તોડફોડ તેમજ જાનથી મારી નાખવાની ધમકી આપ્યાનું પોલીસ ચોપડે નોંધાયું છે. આ અંગે નિકિતા દે ગુરુ મીરા દે (ઉ.વ.૨૭)એ ગાંધીગ્રામ પોલીસ મથક માં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યુ કે જીજે ૩પીડી-૪૧૨૧ નંબરની સ્કોર્પિયો કે જે ૧ જાન્યુઆરીએ લીધી હતી તે એકતા સોસાયટી-પરાપીપળિયા ખાતે ઘરની બહાર જ પાર્કિંગ કરવામાં આવી હતી. દરમિયાન સોસાયટીમાં લગ્ન હોય મોહિત ચમનભાઈ ગોહિલ અને અમિત વિજયભાઈ ખુમાણ આ પ્રસંગમાં આવ્યા હતા એ સમયે સામે જોવા બાબતે ચડભડ થતાં મોહિત-અમિતે કહ્યું હતું કે તમે અમને ઓળખતા નથી, સમય આવે એટલે ઓળખી લેશો. દરમિયાન ૨૩ ફેબ્રુઆરીએ જૂનાગઢ દર્શન કરવા જવાનું હોય સ્કોર્પિયો પરતી કવર હટાવતાં બારીના કાચ ફટેલા જોવા મળ્યા. હતા. ત્યારપછી સીસીટીવી ચેક કરતાં ૨૪ ફેબ્રુઆરીએ સવારે ૫:૪૩ વાગ્યે બે શખ્સો કાચ ફોડતાં અને મોબાઈલમાં વીડિયો કોલમાં વાત કરતા જોવા મળ્યા હતા. વળી વીડિયો કોલમાં વાત કરતો એક શખ્સ આ જ ગાડી છે, ઘા કરુ છું તેવું સાંભળવા મળ્યું હતું. ત્યારબાદ એ જ દિવસે બપોરે ૧૨ વાગ્યે ભગવતીપરા પુલ નીચે ગીરીરાજ પાર્ટી પ્લોટ જવાના રસ્તેથી ફરિયાદી પસાર થઈ રહ્યા હતા ત્યારે મોહિત અને અમિત સામે મળતાં તેમને પૂછયું હતું કે તમે જ અમારી ગાડીના કાચ ફોડયા છે ? આ સાંભળી બન્નેએ કહ્યું કે અમે જ કાચ ફોડયા છે અને તમારાથી થાય તે કરી લેશો. જો હવે ફરીથી સામે મળશો તો જાનથી મારી નાખશું તેવી ધમકી પણ આપી હતી.